**આજનો સુવિચાર**

જે દુઃખ આવતા પહેલા જ દુઃખ માને છે, એ જરૂર કરતા વધુ દુઃખ ઉપાડે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૧૬૬ જૂનાગઢ તા.૨૭-૦૬-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# મહારાષ્ટ્રનો સંગ્રામ સુપ્રિમ કોર્ટમાં : આજે સુનાવણી ઉપર તમામની નજર

## બળવાખોર નેતા શિંદેની ડે. સ્પીકરને હટાવવા સહિતનાં મુદે રીટ અરજી જયારે ઉધ્ધવ ઠાકરે દ્વારા બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની અરજી

મુંબઈ,તા. ૨૭

મહારાષ્ટ્ર શિવસેનામાં બળવાને પગલે સર્જાયેલી રાજકીય કટોકટી હવે અદાલતમાં પહોંચી છે. બળવાખોર પૈકીના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવાની નોટીસ સામે બળવાખોર નેતા એકનાથ શિંદેનું જુથ સુપ્રિમ કોર્ટ પહોંચ્યું છે અને આજે તે મામલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. મહારાષ્ટ્ર રાજયમાં સત્તાના મહાસંગ્રામમાં હવે કાનૂની જંગ શરૂ થવાને પગલે સમગ્ર દેશની નજર સુપ્રિમ કોર્ટ ઉપર તકાવા લાગી છે. શિવસેના તથા બળવાખોર એમ બંને જૂથો દ્વારા ટોચનાં વકીલોને રોકવામાં આવ્યા છે. બળવાખોર નેતા એકનાથ શિંદેએ પોતાને શાસક પક્ષના નેતાપદેથી હટાવવા, વિદ્રોહી ધારાસભ્યોને ગેરલાયકની નોટીસ આપવા તથા ડેપ્યુટી સ્પીકર દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવની અરજી રદ કરવા જેવા મુદ્દાઓને પડકારીને સુપ્રિમ કોર્ટમાં રિટ અરજી કરવામાં આવી છે. ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવાની નોટીસ પણ ગેરકાયદે હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કાનૂની જંગમાં જીત મેળવવા માટે ટોચના વકીલોની ફોજ ઉભી કરવામાં આવી છે. એકનાથ શિંદે તરફથી દેશના જાણીતા વકીલ હરીશ સાલ્વેને રોકવામાં આવ્યા છે ઉપરાંત ભારતના પૂર્વ એટર્ની જનરલ મુકુલ રોહતગીને પણ જવાબદારી સોંપવામાં આવી છે. આ સિવાય મનીન્દરસિંહ અને મહેશ જેઠમલાણી પણ ફોજમાં સામેલ છે. બીજી તરફ ઉધ્ધવ ઠાકરેએ પણ વકીલોની ફોજ ઉતારી છે જેમાં અભિષેક મનુ સિંઘવી, કપિલ સિબ્બલ, રાજીવ ધવન, દેવગત કામથ વગેરેને રોકવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સ્પીકર દ્વારા પણ પોતાનો પક્ષ રાખવા માટે જાણીતા વકીલ રવિશંકર જાંધ્યાલને રોકવામાં આવ્યા છે. સુપ્રિમ કોર્ટના જસ્ટીસ સૂર્યકાંત અને જસ્ટીસ જે.બી. પારડીવાલાની બેંચ આજે મહારાષ્ટ્ર મામલાની સુનાવણી હાથ ધરાનાર છે. દરમ્યાન આ લખાય છે ત્યારે મળતા અહેવાલ મુજબ શિંદે ગ્રુપ દ્વારા મહા વિકાસ અઘાડી સરકારને સમર્થન પાછું ખેંચી લેવાયું છે. જયારે એકનાથ શિંદે જુથે ઉધ્ધવ ઠાકરે સાથે રહેલા ધારાસભ્યોને ગેરલાયક ઠરાવવા માંગણી કરી છે.

## જમીન ગોટાળામાં સંજય રાઉતને ઈડીનું સમન્સ

મુંબઈ તા. ૨૭ : શિવસેનાનાં પ્રવકતા સંજય રાઉતને રૂા.૧૦૩૪ કરોડનાં જમીન ગોટાળા મામલે ઈડીએ સમન્સ પાઠવ્યું હોવાનું અને આવતીકાલે પુછપરછ માટે ઈડી ઓફીસે બોલાવવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

## દાઉદ સાથે સંબંધ ધરાવતા વ્યકિતને કેવી રીતે સમર્થન આપી શકાય ? એકનાથ શિંદે

મુંબઈ, તા.૨૭:

મહારાષ્ટ્રના રાજકીય સંકટમાં બાપ સુધી પહોંચી ગયા બાદ મારવા તોડવાની વાતો અને ગંભીર આરોપો પણ થઈ રહ્યા છે. શિવસેનાએ શાબ્દીક હુમલો તેજ કરતાં એકનાથ શિંદે પણ હુમલાવર થયા છે તેમણે ટ્વિટ કરી કહ્યું છે કે હિન્દુ સમ્રાટ રાજા બાળાસાહેબ ઠાકરેની શિવસેના દાઉદ ઈબ્રાહિમ સાથે સંબંધ ધરાવતા વ્યકિતને કેવી રીતે સમર્થન આપી શકે. મુંબઈના નિર્દોષ નાગરિકોનો ભોગ લેનાર દાઉદ પાસેથી અમે આ નિર્ણયનો વિરોધ કરવા માટે પગલાં લીધાં છે. કોઈ વાંધો નથી કે આ નિર્ણય આપણને મળત્યુના આરે લઈ જાય છે.આમ કરી શિંદે ખુલ્લો મહારાષ્ટ્ર વિકાસ આઘાડીના અમુક નેતાઓ ઉપર પ્રહાર કર્યો છે.

એકનાથ શિંદેએ ટવિટ કરી જણાવ્યું છે કે, મુંબઈ બોમ્બ બ્લાસ્ટના ગુનેગારો, દાઉદ ઈબ્રાહિમ અને મુંબઈના નિર્દોષ લોકોના જીવ લેવા માટે જવાબદાર લોકો સાથે સીધો સંબંધ ધરાવતા લોકોને બાળાસાહેબ ઠાકરેની શિવસેના કેવી રીતે સમર્થન આપી શકે તેથી જ અમે આવું પગલું ભર્યું છે, આ કરતા મરવું સારૂ છે

એકનાથ શિંદેએ ટ્વિટ કરીને લખ્યું, 'હિન્દુ હ્રદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરેના હિન્દુત્વવાદી વિચારો માટે અને બાળાસાહેબની શિવસેનાને બચાવવા માટે આપણે મરી જઈએ તો સારું. જો એવું થશે તો આપણે સૌ પોતાને ભાગ્યશાળી માનીશું.

## શિંદે જૂથનાં દરેક બળવાખોર ધારાસભ્યોને રૂા.૫૦ કરોડની ઓફર થઈ છે : શિવસેના

મુંબઈ,તા. ૨૭ : મહારાષ્ટ્રમાં ઉધ્ધવ ઠાકરે સરકારના પતન માટે પાણીની જેમ પૈસા વહાવાઈ રહ્યા છે અને એક નાથ શિંદે જૂથમાં સામેલ થવા માટે દરેક બળવાખોરને ૫૦ કરોડ રૂપિયાની ઓફર અપાઈ હોવાનો દાવો શિવસેનાના ઔરંગાબાદ નજીક કન્નડના ધારાસભ્ય ઉદયસિંહ રાજપૂતે જબરો ધડાકો કર્યો છે. રાજપૂતે આ દાવાના સમર્થનમાં કહ્યુ હતુ કે બે મોટરમાં આ જંગી રકમ ભરીને લાવવામાં આવેલી તેનું વિડિયો ફુટેજ પણ છે. આ દાવો કરવાની સાથે સાથે એમએલએ ઉદયસિંહ રાજપૂતે જણાવ્યુ હતુ કે મને ૫૦ તો શું ૧૦૦ કરોડ આપવામાં આવે તો પણ હું શિવસેના સાથે ગદ્દારી નહીં કરૂં. દરમ્યાન મહારાષ્ટ્રના કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ પણ બળવાખોર જૂથના ધારાસભ્યોને ૫૦ કરોડની ઓફર થયાના દાવાનું સમર્થન કર્યુ છે. તેમના જણાવ્યા અનુસાર મહાવિકાસ આઘાડી સરકારના પતન માટે નાણાકીય તિજોરીઓ ખુલ્લી મુકી દેવામાં આવી છે. આ બન્ને દાવાને પગલે મહારાષ્ટ્રમાં ભારે ખળભળાટ વ્યાપી ગયો છે. શિંદે જૂથના બળવાને કોઈ નક્કર ઉદ્યોગપતિ ફાયનાન્સ કરી રહેલ છે તે ચર્ચા રાજકીય વર્તુળોમાં અને સામાન્ય નાગરિકોમાં થઈ રહી છે. મહારાષ્ટ્રથી સુરત થઈ ચાર્ટ્ડ ફલાઈટસમાં પહોંચી રહેલા ધારાસભ્યોનો વિમાન મુસાફરીનો ખર્ચો જ કરોડોમાં થવા જાય છે. ગુવાહાટીની હોટલનું પોણા કરોડનું માત્ર આઠ દિવસનું રૂમ રેન્ટ અપાયું છે. આ ઉપરાંત રોજના ખાવા પીવા પાછળ આઠ લાખ રૂપિયાથી વધારેનો ખર્ચો થઈ રહ્યો છે.

## યશવંતસિંહા આજે રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી ફોર્મ ભરશે

નવીદિલ્હી, તા.૨૫ : ૧૮ જૂલાઈએ યોજાનારી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં કેન્દ્રમાં સત્તારૂઢ એનડીએ દ્વારા દ્રૌપદી મુર્મૂને ઉમેદવાર જાહેર કર્યા છે અને તેમણે વડાપ્રધાન મોદી સહિતના દિગ્ગજોની હાજરીમાં પોતાની ઉમેદવારી નોંધાવી છે. બીજી બાજુ યુપીએ દ્વારા વિપક્ષના સંયુક્ત ઉમેદવાર તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિંહાને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. જેઓ આજે પોતાની ઉમેદવારી નોંધાવશે. ઉમેદવારી નોંધાવવા પ્રસંગે કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહયા હતા.

## શું રાજસ્થાનમાં પણ મહારાષ્ટ્રવાળી ? ગેહલોત - પાયલોટ વચ્ચે વધતું અંતર

જયપુર તા. ૨૭

રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગેહલોતે કોંગ્રેસ નેતા સચિન પાયલટ ઉપર રાજસ્થાન સરકાર ઉથલાવવાનાં કરેલા હુમલા બાદ બંને જૂથો વચ્ચે આંતરિક વિખવાદ વધી ગયું છે . હવે ગેહલોતના ખાસ શહેરી વિકાસ મંત્રી શાંતિ ધારીવાલે કહ્યું કે અમે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને સચિન પાયલટની બેઠક જોઈ છે. ધારીવાલે કહ્યું કે અશોક ગેહલોતે કંઈ ખોટું નથી કહ્યું, રાહુલ ગાંધીએ સચિન પાયલટની ધીરજના વખાણ કર્યા બાદ ગેહલોતે પાયલોટ ઉપર સીધો હુમલો કરતા રાજસ્થાનનું રાજકારણ ગરમાયું છે. સચિન પાયલટ સોમવારે ટોંકના પ્રવાસે આવી રહ્યા છે. આવી સ્થિતિમાં અપેક્ષા રાખવામાં આવે છે કે તે પોતાના ઉપર લાગેલા આરોપો ઉપર જવાબ આપી શકે છે. બીજી તરફ પાયલટે પોતાના સમર્થકોને ગેહલોત જૂથ દ્વારા કોઈપણ પ્રકારની ઉશ્કેરણીનો શિકાર ન બનવા જણાવ્યું છે. ગેહલોતે એવો આક્ષેપ કર્યો હતો રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે પૂર્વ ડેપ્યુટી સીએમ સચિન પાયલટ ઉપર સમાધાન બાદ સૌથી મોટો હુમલો કર્યો છે.

## ૧ જુલાઈથી હોટલ - રેસ્ટોરન્ટનાં મેનુમાં કેલરીની માત્રા દર્શાવવું ફરજીયાત બનશે

અમદાવાદ તા.૨૭

મોટી-જાણીતી હોટલ-રેસ્ટોરાંમાં પીરસાતુ સારૂ- સ્વાદિષ્ટ ભોજન આરોગ્યપ્રદ જ હોવાની માન્યતા ભુલ ભરેલી છે. ગ્રેવી તથા તેલમાં તળેલા ભોજન માટે સ્વાદિષ્ટ લાગે પરંતુ આરોગ્યની દ્રષ્ટિએ કદાચ યોગ્ય ન હોય પરંતુ હવે ૧લી જુલાઈથી તેમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે. રેસ્ટોરાં-કાફેમાં અપાતા ભોજનમાં કેટલી કેલેરી છે તે દર્શાવવાનું ફરજીયાત બની રહ્યું છે.

હોટલ-રેસ્ટોરાં ઉદ્યોગના સૂત્રોએ કહ્યું કે ફુડ સેફટી એન્ડ સ્ટાંડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા તમામ સ્ટાર હોટલ, રેસ્ટોરાં-કાફે ચેઈન માટે મેનૂની દરેક ખાદ્યચીજમાં કેલેરીની માત્રા દર્શાવવાનું ફરજીયાત બનાવવામાં આવી રહ્યું છે.

ફુડ નિયમનકાર દ્વારા 'મેનુ લેબલીંગ' માર્ગદર્શિકા આપી દેવામાં આવી છે. અમદાવાદમાં આ માટે ખાસ વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો અને તેમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મેનુ કાર્ડમાં પ્લેટમાં પીરસાનારી ખાદ્યચીજનું વજન, ભાવની સાથે તેની કેલેરી માત્રા પણ દર્શાવવાની રહેશે..

ફુડ સેફટી એન્ડ સ્ટાંડર્ડ ઓથોરીટીના આસીસ્ટંટ ડાયરેકટર (ટેકનીકલ) સુકન્યા પોન્ડુગાલાએ કહ્યું કે ૧લી જુલાઈથી દેશભરમાં 'મેનુ લેબલીંગ' કાયદો અમલમાં આવી રહ્યો છે.

## રાજ ઠાકરેની 'મનસા' પાર્ટીમાં શું બળવાખોર ધારાસભ્યો જોડાઈ જશે ?

મુંબઈ, તા.૨૭: એક ઠાકરેના પક્ષમાં થયેલ બળવાનો અંત શું બીજા ઠાકરેના પક્ષમાં જોડાઈને આવશે શું શિવસેનાના બળવાખોર ધારાસભ્યોના સભ્યપદ બચાવવા માટે એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવાખોર ધારાસભ્યોનું જૂથ મનસેમાં ભળી જશે મુંબઈની રાજકીય નાડી પારખનારા લોકો આ સવાલોના જવાબમાં શકયતાઓ જોઈ રહ્યા છે. એનબીટીને એક સૂત્રે જણાવ્યું કે રાજ ઠાકરેની નજીકના એક નેતાએ આ સંબંધે ચારવાર ફોન ઉપર એકનાથ શિંદે સાથે વાત કરી છે. સમાચાર છે કે આ પ્રસ્તાવ ઉપર ગત દિવસોમાં વડોદરામાં થયેલ ગુપ્ત મિટીંગમાં પણ આના માટે તૈયાર છે કેમ કે એનાથી બળવાખોર ધારાસભ્યોને ઠાકરેનું નામ અને હિંદત્વ એ બંને વાતો સાહજીક રીતે મળશે. રાજ ઠાકરેનો પક્ષ મનસે ચુંટણી પંચ અને વિધાનસભામાં રજીસ્ટર્ડ છે. વિધાનસભામાં તેનો એક ધારાસભ્ય પણ છે, પણ અત્યારે મુશ્કેલી એ છે કે ભાજપાનું કેન્દ્રીય નેતૃત્વ રાજ ઠાકરે પણ ભરોસો નથી રાખી શકતું. તેને લાગી રહ્યું છે કે સરકારમાં આવ્યા પછી રાજ ઠાકરેને સંભાળવા ઉધ્ધવ ઠાકરેને સંભાળવા કરતા વધારે મુશ્કેલ બની શકે છે. પણ મહારાષ્ટ્ર ભાજપાના એક મોટા નેતાએ રાજ ઠાકરેને કંટ્રોલમાં રાખવાની જવાબદારી લેવાની વાત કરી છે.

## લદાખ બોર્ડર નજીક એલઓસીમાં ચીને બે વર્ષમાં સૈન્ય શકિત અને હથિયારોની ક્ષમતા વધારી

નવી દિલ્હી, તા.૨૭: જૂન ૨૦૨૦થી પૂર્વ લદ્દાખમાં **LAC** ઉપર ભારત અને ચીન વચ્ચે મડાગાંઠ ચાલી રહી છે.બંને દેશોમાં કમાન્ડર સ્તરની ઘણી વાતચીત થઈ છે પરંતુ મડાગાંઠ હજુ પણ યથાવત છે. પરંતુ, આ દરમિયાન, ચીને બે વર્ષમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (**LAC**) ઉપર તેની સૈન્ય શકતિ અને હથિયારોની ક્ષમતા વધારી દીધી છે. **LAC** ઉપરના પશ્ચિમી સેક્ટરમાં ચીને **LAC**ના ૧૦૦ કિ.મી. સેનાના કાર્યક્ષેત્રમાં સૈનિકોની સંખ્યામાં મોટો વધારો થયો છે અને લાંબા અંતરના શસ્ત્રો, રોકેટ સિસ્ટમ્સ, આધુનિક સંરક્ષણ પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી છે. તે જ સમયે, ચીને રનવેનો વિસ્તાર કર્યો છે અને ફાઈટર પ્લેન રાખવા માટે જગ્યા વધારી છે. ચીને છેલ્લા બે વર્ષમાં સરહદ ઉપર આ મોટા ફેરફારો કર્યા છે. નામ જાહેર ન કરવાની શરતે બોલતા એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે, ચીને **LAC** સાથે સોલાર પાવર અને નાના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ પણ શરૂ કર્યા છે. તેનાથી ચીની સૈનિકોને શિયાળામાં લદ્દાખમાં રહેવામાં મદદ મળશે.

## યુધ્ધથી રશિયાની અર્થવ્યવસ્થા પડી ભાંગી : વિદેશી દેવુ ચૂકવવામાં નિષ્ફળ

નવી દિલ્હી, તા.૨૭:

યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધની રશિયાની અર્થવ્યવસ્થા ઉપર કેટલી અસર પડી રહી છે. આનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે રશિયાએ તેના ૧૦૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત વિદેશી દેવા ઉપર ડિફોલ્ટ જાહેર કર્યું છે. ૧૯૧૮ બાદ પહેલીવાર વિદેશી દેવું ચુકવવામાં રશિયા નિષ્ફળ રહ્યુ છે.

યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધ બાદ અમેરિકા સહિત તમામ પશ્ચિમી દેશોએ રશિયાના વેપાર ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. વૈશ્વિક બજારમાં ડોલરના વ્યવહારો ઉપર પ્રતિબંધ મૂકયા પછી, રશિયાએ તેની સ્થાનિક ચલણ, રૂબલમાં ચૂકવણી કરવાની ઓફર કરી, જેને અમેરિકાના પ્રભાવ હેઠળના અન્ય દેશોએ નકારી કાઢી. ૨૭ મેના રોજ, રશિયાએ વિદેશી દેવું ઉપર $100 મિલિયનનું વ્યાજ ચૂકવવાનું હતું, જેના ઉપર એક મહિનાનો ગ્રેસ પીરિયડ હતો. આ સમય પણ રવિવાર ૨૬ જૂને સમાપ્ત થયો અને તકનીકી રીતે રશિયા આ લોન ઉપર ડિફોલ્ટ થયું, જે ૧૯૧૮ પછી પ્રથમ વખત આ બનાવ બન્યો છે.

## દેશમાં કોરોનાનાં વધતા કેસ ચિંતાજનક

નવી દિલ્હી, તા.૨૭: દેશમાં કોરોનાના કેસ વધી રહ્યા છે.જે ચિંતાજનક બાબત છે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૭,૦૭૩ નવા કેસ નોંધાયા છે. એક જ દિવસમાં કોરોનાને કારણે ૨૧ લોકોના મોત થયા છે. આ સાથે ભારતમાં કોવિડ-૧૯ કેસમાં ૪૫.૪ ટકાનો ઉછાળો આવ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ કોરોના રસીકરણ ૧,૯૭,૧૧,૯૧,૩૨૯ થઈ ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૨,૪૯,૬૪૬ કોરોના રસીકરણ કરવામાં આવ્યા છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમપર્લ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર સાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



UNIQUE IVF Center | Gynaec Hospital - Manage by Dudhat Hospital -
યુનિક
મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ

| | |
|---|---|
| ડો. દિવ્યાંગ પટેલ (સર્જન) | ડો. પ્રવિણ દુધાત (ગાયનેક) |
| ડો. વિનય હરીયાણી (સર્જન) | ડો. નિલેશ વેકરીયા (ગાયનેક) |
| ડો. દિપ્તી પટેલ (આંખના સર્જન) | ડો. ગ્રિષ્મા દુધાત (ગાયનેક) |
| ડો. બિજલ હરીયાણી (હોમીયોપેથ) | ડો. વિભૂતિ વેકરીયા (ફિઝીયોથેરાપીસ્ટ) |
| ડો. પ્રિગ્નલ અઘેરા (પેથોલોજી) | ડો. દેવેન ગોહેલ (એનેસ્થેટીસ્ટ) |

ફોન : ૦૨૮૫- ૨૯૬૦૧૩૩/૨૬૩૫૪૩૫
અક્ષર પ્લાઝા-૩ પાછળ, બેબીલેન્ડ સ્કુલની સામે, ઝાંઝરડા બાયપાસ ચોકડી, જૂનાગઢ



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ડૉ.ખોખાણીની APEX
આંખ-દાંતની હોસ્પિટલ તથા લેસર સેન્ટર
કીકીની સારવાર
સોરઠમાં સૌપ્રથમવાર
કીકીનાં રોગનાં સુપર સ્પેશ્યાલીસ્ટ
ડો. દર્શના બગથરીયા



એમ.એસ.ઓપ્થો.(ગોલ્ડમેડાલીસ્ટ)
એફ.સી.ઓ.એસ. (કીકીના સર્જન)
રીલાયન્સ મોલની બાજુમાં, મોતીબાગ રોડ, જૂનાગઢ
મો: ૯૪૦૮૨ ૪૨૦૦૦



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



OFFLINE VAASTU COURSE
swaastik.vaastu
• Introduction of Vaastu Shastra
• How Vaastu effect us & our lives
• Five elements of Vaastu
• Disha Shool (Compass)
• 8 directions
• How to use Pyramid in Vaastu & many more...
Dt : 4/8/22 to 7/8/2022 Thursday to Sunday | Time : 9 am to 6 pm
@ HOTEL THE LOTUS PARK, Opp. Kothawala Flat, Ellisbridge, Ahmedabad-380006.
Course Fee : 22,000/-
BOOK YOUR SEATS NOW
SWAASTIK VAASTU | SWAASTIK BUILDDCON
OFFLINE COURSE BEST FOR
• Architecture
• Interior Designer
• Builder
• Contractor
• House Wife
• Astrologer
• All Those who Are Currently Jobless & Want To Start Their Own Business With Small Investment
Hemal Shah
GEO Engineer Master in Vaastu
Vaastu Vedic Architect
Dr. Mala Shah
Call : 74338 07008



ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨


C M Y K

# અમે તો એવું ઈચ્છીએ છીએ કે શહેરમાંથી અમારી નિશાળે આવવા વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બસો દોડે : આદમ ભાટા

### માંગરોળની લાલબાગ સીમશાળામાં કન્યા કેળવણી તેમજ શાળા પ્રવેશોત્સવ હર્ષોલ્લાસથી ઉજવાયો : શાળાની નિવૃત્ત શિક્ષિકા શોભનાબેન અગ્રાવતે એકાવન હજાર દાનમાં આપ્યા : પાલિકા પ્રમુખ મો. હુસેન ઝાલાએ મધ્યાહન ભોજન સેટ માટે ચાર લાખ રૂપિયા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી અપાવવા ખાતરી આપી





(પ્રતિનિધિ દ્વારા) માંગરોળ તા.૨૭

માંગરોળ તાલુકાની નામાંકિત નિશાળોમાંની એક લાલબાગ સીમશાળામાં કન્યા કેળવણી તેમજ શાળા પ્રવેશોત્સવ હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. જૂનાગઢ જીલ્લાના ખેતીવાડી અધિકારી ગૌરાંગ દવેની અધ્યક્ષતામાં આ પ્રોગ્રામ યોજાયો હતો. બાળકોના મધૂર કંઠે પ્રાર્થના અને મહેમાનો હસ્તે દીપ પ્રગટાવીને પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ શાળામાં અભ્યાસ કરતી પ્રથમ હરોળની કન્યાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવા આવી હતી. તેમજ પહેલા ધોરણમાં ૪૫ જેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં પ્રાસંગિક પ્રવચન આપતા શાળાના આચાર્ય આદમ ભાટાએ શાળાની સિધ્ધિઓ વર્ણવી જણાવ્યું હતું કે, અમારી આ સરકારી સીમશાળામાં એડમિશન માટે ૩૦૦નું વેઈટીંગ ચાલે છે. જે અમારા સ્ટાફની ભગીરથ મહેનતનું દષ્ટાંત છે. અમે ઓરડા અને શિક્ષકોની ઘટની સામે મજબૂર છીએ. બાકી અમે તો એવું ઈચ્છીએ છીએ કે, શહેરમાંથી અમારી નિશાળે આવવા વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બસો દોડે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત જીલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ગૌરાંગ દવે શાળાની કામગીરી અને બાળકોની કુશળતા જોઈને વિસ્મયમાં પડી ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, આટલી અગવડતા છતાં આટલી સારી કામગીરી એ ગૌરવની વાત છે. હાલના તબક્કે લાલબાગ સીમશાળામાં અપૂરતા ઓરડા, શિક્ષકોની ઘટ તેમજ મધ્યાહન ભોજનમાં પડતી અગવડતા અને અસુવિધાઓ વિષે તેમણે ઉચ્ચકક્ષાએ રીપોર્ટ કરવાની ખાતરી આપી હતી અને તાત્કાલિક અસરથી પ્રવાસી શિક્ષકોની નિમણુંક કરવા તેમની કક્ષાએથી સરકારમાં રજૂઆત કરવાની પણ બાંહેધરી આપી હતી. આ તકે પ્રોગ્રામમાં ઉપસ્થિત મો. હુસેન ઝાલાએ મધ્યાહન ભોજનના સેટ માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ચાર લાખ રૂપિયા અપાવવાની જાહેરાત કરી હતી. તેમણે પોતે પણ દશ હજાર રૂપિયા શાળાને દાન કર્યા હતા. એકંદરે તમામ ઉપસ્થિત મહાનુભાવોએ એક જ શૂર પૂરાવ્યો હતો કે, સરકારી સીમશાળા અને આટલી અગવડતા છતાં તાલુકાની તમામ શાળાઓમાં નંબર વન સ્કૂલમાં ગણના થતી લાલબાગ સીમશાળાનો તમામ શ્રેય શાળાના આચાર્ય આદમ ભાટા અને તેના શિક્ષક ગણને જાય છે. શાળામાંથી નિવૃત્ત થનાર શિક્ષિકા શોભનાબેન અગ્રાવતે એકાવન હજારનો ચેક શાળાને અર્પણ કર્યો હતો. તેમનું પણ સન્માન કરવામાં આવતા તેમની આંખોમાંથી આંસુ સરી પડ્યાં હતાં.

તદુપરાંત નિવૃત્ત શિક્ષક બાબુભાઈ મકવાણાં તરફથી અગિયાર હજાર, ઈલ્યાસભાઈ કાદુ નુરાની ફાયબર તરફથી દશ હજાર, શાળાને ભેટ કરવામાં આવ્યાં હતાં. આઝાદી કા અમૃત મહોત્સવ વિષે શાળાની વિદ્યાર્થીની બિચારા શબનમ ઉમર એ સુંદર વક્તવ્ય રજૂ કર્યુ હતું. આ પ્રોગ્રામમાં મદદનીશ ખેતી નિયામક જે.ડી. ગોંડલીયા, મહિલા અને બાળ વિકાસ અધિકારી મધુબેન ગોસ્વામી, ગ્રામ સેવક દિપકભાઈ માંકડીયા તેમજ શાળાનાં એસએમસીના અધ્યક્ષ ઈસ્માઈલભાઈ કાલવાત, ઉપાધ્યક્ષ હનીફભાઈ ગુજરાતી, શિક્ષણવિદ અ. રજાક ગોસલીયા, પૂર્વ અધ્યક્ષ યુસુફભાઈ ઘમેરીયા, શાળાના કાર્યમાં અગ્રેસર રહેતા હાજી હારૂન બેરા અને મો. હુસેન ચુડલી તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામને અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામનું સંપૂર્ણ સંચાલન શાળાના જ વિદ્યાર્થી શેખ ઈકરા મો. આદિલ અને બિલ્લી અલ્ફેઝ હારૂન એ સુંદર રીતે કર્યું હતું. જેમાં શાળા શિક્ષક ભરતભાઈ કામળિયા અને આદીલ શેખ એ શૂર પૂરાવ્યો હતો. પ્રોગ્રામને સફળ બનાવવા શાળાના વરિષ્ઠ શિક્ષક અબ્બાસભાઈ કરૂડ તેમજ આચાર્ય અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# ટીકીટો મોટી સંખ્યામાં કપાશે : ભાજપ પ્રમુખ પાટીલનો ઈશારો



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૨૭

કોઈ તમને લાલચ આપે અને કહે કે, પાર્ટીમાં ટીકીટ માટે મારી સાથે રજૂઆત કરવા આવજો તો તેમાં જોડાતા નહી. પેજ કમિટીનાં સભ્યોનું એ કામ નથી, એ બાબત પાર્ટી નક્કી કરશે તમારે કોઈનાં ટોળામાં સામેલ થવું નહી. ભાજપનાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે મોટી સંખ્યામાં આ ચૂંટણીમાં ટીકીટ કપાશે તેવો ઈશારો કર્યો છે. કોને ટીકીટ મળે છે તેની ચિંતા તમારે કરવાની જરૂર નથી. જે કમળનું નિશાન લઈને આવે તેમનાં માટે તમારે કામ કરવાનું છે. વર્તમાન કે ભૂતપૂર્વ ધારાસભ્યો કે ભાજપનાં કોઈપણ નેતાની ટીકીટને લઈને કોઈ ચોક્કસ ગણતરી રાખવાની રહેશે નહી, હાઈ કમાન્ડ જેને ટીકીટ આપે તેને જીતાડવા માટે કાર્યકર્તાઓને કામ કરવાનું છે.

# દ્વારકામાં 'રન ફોર નો એડીકશન' થીમ ઉપર ૪ કિમીની દોડ યોજાઈ




(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૨૭

દ્વારકા ખાતે નિતેશ પાંડેય પોલીસ અધિક્ષક દેવભૂમિ દ્વારકા, નિધી ઠાકુર મદદનીશ પોલીસ અધિક્ષક, દેવભૂમિ દ્વારકા સમીર સારડા નાયબ પોલીસ અધિક્ષક, દેવભૂમિ દ્વારકાના માર્ગદર્શન તેમજ સૂચનો મુજબ પી.સી. સિંગરખિયા, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી. દેવભૂમિ દ્વારકા, જી.આર. પટેલ, રિઝર્વ પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ મુખ્ય મથક, દેવભૂમિ દ્વારકા, એસ.ઓ.જી. ટીમ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અન્વયે તા.૨૬-૬-૨૨ ઈન્ટરનેશનલ ડે અંગેન્સ્ટ ડ્રગ્સ એબ્યુજડ એન્ડ ઈલલિકટ ટ્રાફિકિંગ અન્વયે "રન ફોર નો એડીકશન"ની થીમ ઉપર કુલ ચાર કિમીની દોડનું આયોજન તેમજ વિવિધ કાર્યક્રમોનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ હતું. જે આયોજનમાં જોડાનાર સ્પર્ધકો, આગેવાનોનો દેવભૂમિ દ્વારકા પોલીસ દ્વારા હૃદયથી આભાર માન્યો હતો.

# માંગરોળ : પર્યાવરણને અનુકૂળ જીવન શૈલી વિષય ઉપર રહીજ ગામે તાલીમ શિબીર યોજાઈ




(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૨૭

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર, ગુજરાત સરકાર, શ્રી જગતભારતી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ચોટીલા તેમજ રહીજ ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે તાલીમ શિબીર યોજાઈ હતી. જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના રહીજ ગામમાં સાયકલોન સેન્ટર ખાતે પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી વિષય ઉપર એક દિવસની તાલીમ શિબીર યોજાઈ હતી. આ એક દિવસીય તાલીમ કાર્યક્રમમાં ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા નક્કી કરવામાં આવેલા ઉદેશો મુજબ ગામમાં પર્યાવરણ પરત્વે લોકોમાં જાગૃતિ આવે અને લોકો પર્યાવરણના સંરક્ષણ માટે આગળ આવે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કર્યક્રમમાં રહીજ ગામની મહિલાઓએ મોટી સંખ્યામાં આપી હતી. પર્યાવરણ ક્ષેત્રે જાગૃતિ બદલ સરપંચ ભરતભાઈ રામને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કવિઝમાં ભાગ લેનાર વિજેતાને એવોર્ડ આપી બિરદાવવામાં આવ્યા હતા. શ્રી જગતભારતી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ વતી તાલીમકાર નેહલ મોદી, હસમુખ ચૌહાણ, જીજ્ઞેશ પટેલ દ્વારા તાલીમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયા પંથકમાં ધીમીધારે એક ઈંચ વરસાદ




(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચોમાસાનું વિધિવત રીતે આગમન થઈ ચૂક્યું છે. તેમ છતાં પણ કેટલાક વિસ્તારોમાં નોંધપાત્ર કે મુશળધાર વરસાદ ન વરસતા આ વિસ્તારમાં ચિંતાનો માહોલ પણ અનુભવાઈ રહ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદી બફારા બાદ ગઈકાલે બપોરે મેઘાવી માહોલ છવાયો હતો અને આશરે અઢી વાગ્યે વીજળીના કડાકા-ભડાકા સાથે મુશળધાર વરસાદ શરૂ થયો હતો. જે સતત વીસેક મિનિટ સુધી વરસતા માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા. આ પછી સાંજે પણ હળવા ઝાપટા વરસતા ગઈકાલે કુલ એક ઈંચ (૨૩ મી.મી.) વરસાદ વરસી ગયો હતો. ગઈકાલે વરસાદ સાથે જુદા જુદા ભયાવહ વીજળી વિસ્તારોમાં ત્રાટકી હતી. ખંભાળિયા તાલુકાના વિંજલપર ગામના વાડી વિસ્તારમાં ગઈકાલે સાંજે આકાશી વીજળી ત્રાટકતાં ત્રણ ભેંસના મોત નિપજ્યા હતા. જ્યારે વિરમદળ ગામના ગોગનભાઈ નામના એક આસામીની ભેંસ ઉપર વીજળી પડતા આ ભેંસનું પણ મૃત્યુ નીપજયું હતું. ખંભાળિયાની શ્રીજી સોસાયટી - ૨ ખાતે આવેલા એક મકાન પર પણ વીજળી ત્રાટકતા આ મકાનમાં નુકસાની થવા પામી હતી. ધીમા વરસાદ છતાં પણ વીજળીના કહેરથી લોકો ભયભીત બની ગયા હતા. ગઈકાલે હળવા વરસાદ વચ્ચે પણ રાબેતા મુજબ અવારનવાર લાંબો સમય વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકોમાં વીજતંત્ર સામે રોષની લાગણી પ્રસરી જવા પામી હતી. વરસાદના પગલે કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળી હતી. ગઈકાલે રવિવારે ભાણવડ તાલુકાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં નવ મી.મી. અને દ્વારકા તાલુકામાં છ મિલીમીટર વરસાદ વરસ્યાનું નોંધાયું છે. જ્યારે કલ્યાણપુર તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. ખંભાળિયા સહિત જિલ્લામાં જુદા જુદા ગામમાં આજે સવારથી વરસાદી વાતાવરણ બરકરાર રહ્યું છે. ગઈકાલે અનેક ગામોમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાથી વાવણી કરી ચૂકેલા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# ચૂંટણી પંચે રાજકીય પક્ષોની નોંધણી રદ કરવાનાં અધિકારની માંગ કરી

(દિલ્હી બ્યુરો દ્વારા) નવી દિલ્હી તા.૨૭

ભ્રષ્ટાચારમાં સામેલ અજાણ્યા પક્ષોને ઓળખવા માટે ચાલી રહેલી સફાઈની કવાયત વચ્ચે, ચૂંટણી પંચે રાજકીય પક્ષોની નોંધણી રદ કરવાની સત્તા મેળવવા માટે નવો પ્રયાસ કર્યો છે. ચૂંટણી કાયદો મતદાન પેનલને રાજકીય પક્ષ તરીકે પીપલ્સ યુનિયનની નોંધણી કરવાની સત્તા આપે છે, પરંતુ તેને રદ કરવાનો અધીકાર આપતો નથી. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે કેન્દ્રીય વિધાન સચિવ સાથેની તાજેતરની વાતચીતમાં રાજકીય પક્ષોની નોંધણી પાછી ખેંચવાની આ સત્તા ઉપર ભાર મુકયો હોવાનું માનવામાં આવે છે. ચૂંટણી પંચે સરકારને પત્ર લખીને સરકારને લોકપ્રિકનિધિત્વ અધિનિયમ હેઠળ સત્તા આપવા માટે અમુક આધારો ઉપર કાજકીય પક્ષની નોંધણી રદ કરી હતી. પોલ પેનલ્સ માને છે કે, ઘણા રાજકીય પક્ષો નોંધણી કરાવે છે પરંતુ કયારેય ચૂંટણી લડતા નથી.

આવી પાર્ટીઓ માત્ર કાગળ ઉપર જ અસ્તિત્વ ધરાવે છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, રાજકીય પક્ષોની નોંધણી કરવાની સત્તા ધરાવતા પંચ પાસે યોગ્ય કેસમાં નોંધણી રદ કરવાની પણ સત્તા છે તેમણે કહ્યું કે, ચૂંટણી પંચને આ સત્તા આપતી વખતે પર્યાપ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી શકાશે. બંધારણ હેઠળ, ચૂંટણી પંચે સ્વતંત્ર રીતે કામ કરવું અને મુકત અને ન્યાયી ચૂંટણીઓ સુનિશ્ચિત કરવી જરૂરી છે.

# રાષ્ટ્રીય અંધજન મંડળ ખાતે ૩ શિક્ષકોને નિવૃતિ વિદાયમાન અપાયું





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

રાષ્ટ્રીય અંધજન મંડળ ખાતે દિવ્યાંગ બાળકોને અભ્યાસ કરાવતા ૩ શિક્ષકોનો નિવૃતિ વિદાય સમારંભ યોજાયો હતો. તદઉપરાંત ધો.૧૦/૧૨ના પ્રજ્ઞાચક્ષુ તેજસ્વી બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પૂ. શેરનાથબાપુ, લોકસાહિત્યકાર અમુદાનભાઈ ગઢવી, સાંપ્રત એજ્યુકેશનના મહેન્દ્રભાઈ પરમાર, જશ કન્સલ્ટસીના અમિતભાઈ ચરડવા ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ બી.કે. સરવૈયા, મંત્રી પુરષોત્તમભાઈ અકબરીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રશિયાએ યુક્રેનનાં મોટા શહેર ઉપર કર્યો કબજો

(એજન્સી) કિવ તા.૨૭

તારીખ ૨૪ ફેબ્રુઆરીથી ચાલી રહેલા રશિયા-યુક્રેનનાં યુધ્ધમાં પુતિનની સેનાને મોટી સફળતા મળી છે. રશિયન સેનાએ યુક્રેનનાં સેવેરોડોનેત્સ્ક શહેર ઉપર સંપૂર્ણ રીતે કબજો કરી લીધો છે. પૂર્વ યુક્રેન શહેરનાં મેયરે આ અંગે જાણકારી આપી છે. રશિયન મિસાઈલોએ શનિવારે યુક્રેનનાં પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ હિસ્સાને નિશાન બનાવ્યા. યુધ્ધનાં મેદાનમાં યુક્રેન માટે આ એકદમ આઘાતજનક સમાચાર છે. યુક્રેનનાં સેવરડોન શહેરનાં મેયરે જણાવ્યું કે, શહેર હવે સંપૂર્ણરીતે રશિયાનાં કબજામાં છે. તેમણે કહ્યું કે, જે કોઈપણ પાછળ રહી ગયું છે તે હવે આ વિસ્તારમાં પહોંચી નહી શકે.

# ભાજપનાં સાંસદ વરૂણ ગાંધીએ અગ્નિપથને લઈને કેન્દ્ર સરકાર ઉપર નિશાન સાધ્યું

(દિલ્હી બ્યુરો દ્વારા) નવી દિલ્હી તા.૨૭

ભાજપનાં સાંસદ વરૂણ ગાંધીએ ફરી એકવાર કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાને લઈને યુવાનો વતિ અવાજ ઉઠાવ્યો છે. વરૂણ ગાંધીએ રવિવારે સૈન્ય ભરતીની તૈયાર કરનાર વિદ્યાર્થીઓનાં આપઘાત અંગે એક ટિવટ કર્યું હતું. વરૂણે પોતાનાં ટિવટમાં લખ્યું હતું કે, મેદાનમાં ૬ વર્ષનાં મેરેથોન સંઘર્ષ પછી માત્ર ૪ વર્ષની સેવાને છાત્રો કઈ રીતે સ્વીકારી શકે ? પહેલા રોહતકમાં સચિન અને હવે ફતેહપુરમાં વિકાસની આત્મહત્યાથી દેશનો દરેક યુવક પીડાય છે. ખેડૂત આંદોલનમાં માત્ર સંચાર અંતરનાં કારણે ઘાણાઓએ જીવ ગુમાવવા પડયા હતા. શું આપણે ફરીથી એ જ ભૂલનું પૂર્નઃરાવર્તન કરવા માંગીએ છીએ ? ટિવટ સાથે શેર કરવામાં આવેલા એક મીડિયા અહેવાલનાં વીડિયોમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે, સરકારે આ ભરતી યોજના અંગે દેશનાં યુવાનો સાથે વાતચીત કરવી જોઈએ.

# અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે આજે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરાશે

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૨૭

દેશની સુરક્ષા અને યુવાનોનાં હિતમાં અગ્નિપથ યોજના પરત લેવાની માંગ સાથે ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો ઉપર કોંગ્રેસનાં ધરણા-વિરોધ પ્રદર્શન યોજાશે. અગ્નિપથ યોજના એટલે યુવાનોનું અસુરક્ષિત ભાવિ અને રાષ્ટ્રીય સુરક્ષા સામે ખતરારૂપ ગણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ જગદીશ ઠાકોરે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભારત સરકારને વિનંતી કરૂ છું કે જયાં લશ્કરની ભરતી થાય છે, ત્યાં ઉમેદવારોને રહેવાની, કુદરતી પ્રક્રિયા કરવાની કોઈ વ્યવસ્થા નથી હોતી. આવા ઉમેદવારો રેલવે સ્ટેશન, દુકાનાં ઓટલા કે ધર્મશાળામાં રોકાય છે. ગુજરાતનાં યુવાનો સેનામાં ભરતી માટે ફિટનેસ નથી હોતા, તેનાં માટે સરકાર જવાબદાર છે. દેશની રક્ષા કરવા માટે જાત ન્યોછાવર કરવા તૈયાર આપણા યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરવા અગ્નિપથ યોજનાનો વિરોધ કરવામાં આવશે.

# ઓખામંડળમાં સ્થાનિકોને પરેશાન કરીને હાહાકાર મચાવતી બિચ્છુ ગેંગના સાગરિતો સામે જિલ્લા પોલીસની કડક કાર્યવાહી

### ૧૨ શખ્સો સામે ગુજસીટોકની ગંભીર કલમ હેઠળ ગુનો નોંધાયો : ૧૧ની અટકાયત



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળના ઓખા, મીઠાપુર તથા દ્વારકા વિસ્તારમાં વસવાટ કરતા વેપારીઓ તથા સ્થાનિકોને પરેશાન કરી અને વિવિધ રીતે ગુનાઓ આચરવા સબબ બિચ્છુ ગેંગના સૂત્રધાર સહિત એકાદ ડઝન જેટલા શખ્સો સામે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે આકરૂ વલણ અખત્યાર કરી, ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. આ પ્રકરણમાં હાલ અગીયાર શખ્સોની અટકાયત કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સંદર્ભેની કડક કાર્યવાહી અંતર્ગત દ્વારકા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં કેટલાક શખ્સો સ્થાનિકોને પરેશાન કરી અને તેઓ પાસેથી ખંડણી વસૂલવા તેમજ શરીર સંબંધિત ગુનાઓ આચરતા હોવા અંગેની પ્રાથમિક માહિતી સ્થાનિક સૂત્રો દ્વારા સાંપડી હતી. જેના અનુસંધાને જિલ્લા પોલીસ વડા દ્વારા આ સમગ્ર બાબતે વર્કઆઉટ કરી અને ખંભાળિયાના ડીવાયએસપી હિરેન્દ્ર ચૌધરી તથા સ્થાનિક પી.આઈ. જી.આર. ગઢવી સાથેની ટીમ બનાવી અને વિવિધ દિશાઓમાં તપાસ તથા આરોપીઓના સગળ મેળવવા અંગે છૂપી રીતે છેલ્લા દોઢેક માસથી કામગીરી કરવામાં આવી હતી.

# ભાટિયા નજીકના રેલવે ટ્રેક ઉપરથી અજાણ્યા યુવકનો મૃતદેહ સાંપડયો

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૭

ઓખા તરફ જઈ રહેલી ગોવાહાટી-ઓખા એક્સપ્રેસ ટ્રેન કલ્યાણપુર તાલુકાના ભાટીયા રેલવે સ્ટેશન અને ઓખા મઢી રેલવે સ્ટેશન વચ્ચે પહોંચતા ભાટવડિયા ગામના રેલવે ટ્રેક ઉપર ચાલુ ટ્રેને પડી જવાના કારણે આશરે ૨૫ વર્ષના એક અજાણ્યા હિન્દુ યુવાનું મૃત્યું થયું હતું. શ્યામ વર્ણના અને આશરે ૫ ફૂટ, ૫ ઈંચની ઊંચાઈ તથા મધ્યમ બાંધો ધરાવતા આ યુવાને કમરે કબૂતરી કલરનો કાળી ચોકડીવાળો બરમુડા પહેર્યો છે. આ યુવાનના છાતીના જમણા ભાગે અંગ્રેજીમાં P ત્રોફાવેલો છે.

# ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂને જન્મદિનની શુભેચ્છા પાઠવાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

શ્રી જ્ઞાતિ સેવા સંઘના પૂર્વ પ્રમુખ તેમજ બ્રહ્મ અગ્રણી તેમજ રાજકીય અગ્રણી ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂનો તા.૨૬-૬-૨૦૨૨ને રવિવારના રોજ જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવા શ્રી જ્ઞાતિ સેવા સંઘના પ્રમુખ રસિકભાઈ જોષી, ઉપપ્રમુખ પરશુરામભાઈ બોરીસાગર, ઉપપ્રમુખ સંજયભાઈ દવે, ઉપપ્રમુખ રતીભાઈ મહેતા, મહામંત્રી બાબુભાઈ જોષી, તંત્રી ઈશ્વરભાઈ તેરૈયા, પૂર્વ પ્રમુખ ગુણવંતભાઈ ભરાડ, ધનસુખભાઈ મહેતા, કશ્યપભાઈ દવે, અશોકભાઈ જોષી વિગેરેએ વાડીએ રૂબરૂ જઈ, બુકે અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આજરોજ શ્રી જ્ઞાતિ સેવા સંઘની સામાન્ય સભાનું આયોજન થયેલ તેની ચર્ચા કરી હતી, વિદ્યાર્થી ભુવન-અમદાવાદના નિર્માણની વિગતો જણાવી, "લોકાર્પણ સમારંભ ઉત્સવ"ની તારીખથી વાકેફ કર્યા હતા.

# નવાબંદર પોલીસ સ્ટેશન ખાતે નશા અંગે જનજાગૃતિ અભિયાન




(પ્રતિનિધિ દ્વારા) ઉના તા. ૨૭ : નવાબંદર પોલીસ સ્ટેશન ખાતે તડ હાઈસ્કુલમાં એનડીપીએસ જેવા નશીલા પદાર્થોનું સેવન સ્વાસ્થ્ય અને સમાજ માટે હાનીકારક છે જે બાબતે જનજાગૃતિ અભિયાન સંદર્ભે સેમિનારનું આયોજન કરાયું હતું. અને નશો નાશનું મુળ છે એ બાબતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયેલ જેમાં ગીર સોમનાથ જીલ્લા પોલીસ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એમ.કે. મકવાણા સહીતનાં અધિકારીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કર્યા હતાં.

# ખંભાળિયા નજીક ગેરકાયદે રીતે ચલાવાતી બ્લેક ટ્રેપ સ્ટોનની ખાણ ઉપર સ્થાનિક પોલીસનો દરોડો

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયા તાલુકાના સિંહણ ગામમાં ગેરકાયદેસર રીતે ચલાવાતી બ્લેક ટ્રેપ સ્ટોનની ખાણમાંથી આ ખનીજની ચોરી કરી અને તેને ખાણની બહાર મોટા જથ્થામાં સ્ટોક કરીને રાખવામાં આવતા પોલીસની કાર્યવાહી દરમ્યાન આ સ્થળેથી જી.જે. ૧૮ એચ. ૮૮૧૬ નંબરનું એક જેસીબી, જી.જે. ૧૦ એ.ડી. ૦૧૪૭ નંબરનું ટ્રેક્ટર તથા ટોલી ઉપરાંત ૬૫૬૦ કિલો વજનનું બ્લેક ટ્રેપ સ્ટોન હાલ હસ્તગત કરવામાં આવ્યું છે. આ કાર્યવાહીમાં ગેરકાયદેસર રીતે માઈન્સ અને મિનરલની ચોરી કરતા પાલાભાઈ કારૂભાઈ ધરણાંતભાઈ ચાવડા(ઉ.વ.૪૬, રહે. આહિર સિંહણ) તથા કિશન ધરણાંતભાઈ ભૂટાભાઈ ચાવડા(ઉ.વ.૨૧, રહે. આહીર સિંહણ) નામના બે શખ્સોના નામ જાહેર થયા છે.

# જૂનાગઢમાં કચરાપેટીમાં મહાનગરપાલિકાના કરોડો રૂપિયા એળે ગયા હોવાની ફરીયાદ

## મનપાના પદાધિકારીઓ દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે નબળી કામગીરી ચલાવવામાં આવશે નહી






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ મહાનગરપાલીકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે કચરાપેટીઓ ખરીદી કરવામાં આવી છે. જૂનાગઢ શહેરનાં તમામ માર્ગો ઉપર કચરાપેટી પણ મુકવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. પરંતુ કચરાપેટીની ખરીદી અને ગુણવત્તાને લઈ અનેક સવાલ ઉઠયા છે છતાં પણ અધિકારીઓ કોઈ કારણોસર મૌન સેવી રહ્યા છે. કચરાપેટીની ખરીદીની યોગ્ય તપાસ થાય તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય તેમ છે અને મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાનો વ્યય થતો પણ અટકે તેમ છે. જૂનાગઢ શહેરમાં સ્વચ્છતા માટે કચરો ફેલાતો અટકે અને સ્વચ્છ જૂનાગઢ બને તેવા હેતુથી કચરા પેટીઓ તો ખરીદવામાં આવી છે. જેમાં સુકો કચરો બ્લ્યુ કલરના કચરાપેટીમાં અને ભીનો કચરો લીલા કલરની કચરાપેટીમાં એમ બે પ્રકારની કચરાપેટીઓ ઠેર ઠેર મુકવામાં આવી રહી છે. જો કે કેટલીક કચરાપેટી બે ત્રણ દિવસમાં જ તુટી પણ ગઈ છે. તો કેટલીક કચરાપેટીઓ ગાયબ પણ થઈ ગઈ છે તો કેટલીક બિન ઉપયોગી પડી પણ છે તેમજ કેટલીક જગ્યાએ કચરાપેટીઓ સાવ નકામી બીન ઉપયોગી બની રહી છે. આયોજન વિના જ માત્રને માત્ર રૂપિયા વેડફવા માટે જ કચરાપેટીની ખરીદી થઈ હોય તેવું લાગી રહ્યું છે.

આ અગાઉ પણ જૂનાગઢમાં સોશિયલ મિડિયા ઉપર પણ તેનો વિરોધ થઈ રહ્યો હતો તેમજ કચરાપેટી ખરીદીમાં કૌભાંડ થયાની પણ ચર્ચાઓ થઈ રહી છે. જૂનાગઢ મનપા દ્વારા ૨ હજાર કચરાપેટીની ખરીદી કરવામાં આવી છે. કરોડો રૂપિયાની ખરીદીની યોગ્ય તપાસ કરવામાં આવે તો કેટલાક અધિકારીઓનાં નામ પણ આવે તેમ છે. મહાનગરપાલીકામાં અગાઉ પણ અનેક કૌભાંડ થયા છે ત્યારે કચરાપેટીની ખરીદીમાં પણ કૌભાંડની આશંકા સેવાઈ રહી છે. ખાસ કરીને ડસ્ટબિનની ખરીદી અને ગુણવત્તાની પણ તપાસ થવી જોઈએ તેવી લોકમાંગ ઉઠી છે. બીજી તરફ મહાનગ-પાલિકાનાં પદાધિકારીઓ, મેયર, સ્થાયી સમિતિનાં ચેરમેન, શાસકપક્ષનાં નેતા દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે, કોન્ટ્રાકટર દ્વારા કોઈ પણ પ્રકારની નબળી કામગીરી ચલાવવામાં આવશે નહી અને હાલમાં આ કામગીરી અટકાવી દેવામાં પણ આવી છે. ખાસ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે, લોકોને શહેરની સ્વચ્છતા માટે ઉપયોગી થાય તેવા હેતુથી આ પ્રકારની કચરાપેટીઓ મૂકવામાં આવે છે તો તેની જાળવણી જનતા દ્વારા પણ કરવામાં આવે તે પણ જરૂરી છે.

## સૌંદરડા પ્રાથમિક શાળા ખાતે ભૌતિક સુવિધાઓનું ખાતમૂહૂર્ત, શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન મંત્રીના હસ્તે કરાયું



જૂનાગઢ, તા.૨૭

પશુપાલન અને ગૌસંવર્ધન રાજય મંત્રી દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિમાં કેશોદ તાલુકાની સૌંદરડા પ્રાથમિક શાળામાં ૪૨ ભુલકાઓનો શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. મંત્રીના હસ્તે આ તકે સૌંદરડા પ્રાથમિક શાળામાં સ્કુલ ઓફ એક્સલેન્સ અંતર્ગત ભૌતિક સુવિધાઓના ખાતમૂહૂર્ત યોજાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, એનએમએમએસ પરીક્ષામાં મેરીટમાં ઉત્તીર્ણ થયેલ બે વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત શાળાના પટાંગણમાં મંત્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢમાં આદર્શ નગર-૧ ઝુલેલાલ મંદિર ખાતે વરસી મહોત્સવનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢમાં આદર્શ નગર ૧માં ઝુલેલાલ મંદિર ખાતે ૧૦૦૮ મહંત ડાડા હીરાપુરીજી સિંધ સુતેરિયા વાળાના વરસી મહોત્સવનું આયોજન કરાયું છે. દિવસભર ગાયત્રી યજ્ઞ, પૂજા અર્ચના શ્રીમદ ભગવત ગીતાજી અખંડ પાઠ તથા સત્સંગ કીર્તન અને મ્યુઝિકલ પ્રોગ્રામ, ભંડારા સહિતના કાર્યક્રમો યોજાશે. જૂનાગઢમાં મહંત ૧૦૦૮ ડાડા હીરાપુરીજી સિંધ સુતેરિયાવાળાના વરસી ઉત્સવ નિમિત્તે ૨૯ જૂનના રોજ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. ઝુલેલાલ મંદિર આદર્શ નગર ૧ ખાતે બુધવારે સવારે યોજાનારા કાર્યક્રમમાં ગાયત્રી યજ્ઞ, ત્યારબાદ પૂજા-અર્ચના, શ્રીમદ્ ભગવત ગીતાજીનો અખંડ પાઠ તથા સાંજે સત્સંગ કીર્તન, આરતી, ઝુલેલાલ મ્યુઝિક ગ્રુપ રાજકોટના ઉત્તામભાઈનો મ્યુઝિકલ પ્રોગ્રામ, ભંડારા તથા પલ્લવ પ્રસાદ તથા સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. વરસી ઉત્સવ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં મહંત ૧૦૦૮ ગુરૂ ગોસાઈ ડાડા હીરા પુરીજીના સેવકો તથા ભાવિકોએ ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવાયું છે.

## જૂનાગઢ જીલ્લામાં રૂા.૫૮ કરોડના ખર્ચે શિક્ષણ ક્ષેત્રે વિકાસના કામો થશે : મંત્રી દેવાભાઈ માલમ



જૂનાગઢ, તા.૨૭

પશુપાલન અને ગૌસંવર્ધન રાજયમંત્રી દેવાભાઈ માલમની પ્રેરક ઉપસ્થિતિમાં કેશોદ તાલુકાના મેસવાણા અને કોયલાણામાં ધો.૧ અને આંગણવાડીમાં પ્રવેશપાત્ર ભુલકાઓનો પ્રવેશત્સવ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી દેવાભાઈ માલમે પ્રેરક ઉદ્દબોધન આપતા જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ કારણે પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન ૧૦૦ ટકા થયું છે. રાજય ૧૦૦ ટકા થયું છે. રાજય સરકાર શિક્ષણ ક્ષેત્રે તમામ સુવિધા આપવા તત્પર છે એમ જણાવતા મંત્રીએ જણાવ્યું હતુ કે, આ વર્ષ સમગ્ર જૂનાગઢ જિલ્લામાં રૂા.૫૮ કરોડના ખર્ચે શાળાઓમાં નવા કલાસરૂમ, નવીનિકરણ, ટાઈલેટ, કમ્પાઉન્ડ જેવી ભૌતિક સુવિધાઓનો વિકાસ થનાર છે. આ પ્રસંગે મંત્રીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, શાળાના વિકાસ માટે યોગદાન આપનાર દાતાઓનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કરાયું હતું.

## બિલખાની કન્યા શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા) બિલખા તા.૨૭

બિલખાની કન્યા પે સેન્ટર શાળામાં ગઈકાલે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધો. ૧માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આવકારવા રાજય કક્ષાએથી શ્રી અંસારી ઉપસ્થિત રહયા હતાં. બાદમાં સરકારનાં મહત્વકાંક્ષી પ્રોજેકટ 'મિશન સ્કુલ ઓફ એકસેલન્સ'માં બિલખાની કન્યા શાળાનો સમાવેશ થયો હોય સરકાર દ્વારા ૩૮.૦૬ લાખની માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે અંતર્ગત નકકી કરેલ કામોનું ખાતમુર્હુત કરવામાં આવ્યું ત્યારે જીલ્લા પંચાયતનાં સદસ્ય અનકભાઈ ભોજક, ઉપસરપંચ સોમેલભાઈ ચોટલીયા, અગ્રણી નાગરીક અનીલભાઈ સાબલપરા વિગેરે તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય જોબનપુત્રાએ કરેલ હતું.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં કોંગ્રેસએ જીતેલી બાદમાં પક્ષ પલટો થયેલ ૧૦ બેઠકો માટે ખાસ રણનિતી ઘડી મેદાનમાં ઉતરવાની તૈયારી

### સૌરાષ્ટ્ર ઝોનની ૫૪ બેઠકો માટે સોમનાથ સાંનિધ્યે મંથન કરી કોંગી નેતાઓએ આગામી ચૂંટણીનો શંખનાદ કર્યો ભગવાનની પૂજા રાજનીતિક લાભ મેળવવા ભાજપ કરી શકે પરંતુ કોંગ્રેસ નહીં : ડો. રઘુ શર્મા : બેઠકમાં એઆઈસીસીના પ્રતિનિધિઓ, સૌરાષ્ટ્ર-કચ્છના કોંગી ધારાસભ્યો, સંગઠનના હોદેદારોએ આગામી ચૂંટણીને લઈ મંથન કરી રણનિતી ઘડી





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૭

સોમનાથ મહાદેવના સાંનિધ્યે મળી રહેલ સૌરાષ્ટ્ર કોંગ્રેસ ઝોનની બેઠકથી આગામી વિધાનસભાની ચૂંટણીનો શંખનાદ કોંગ્રેસના આગેવાનો કર્યો હતો. આ તકે ભાજપને આસુરી તાકાત ગણાવી તેઓ સામે લડવા સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી છે. આગામી દિવસોમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ૧૦ લાખ ઘરો સુધી જઈ ભાજપના જુઠાણા અંગે લોકોને જાગૃત કરશે.

**રેલી કાઢી સોમનાથ મહાદેવને ધ્વજારોહણ સાથે પૂજા- અર્ચના કરી**

વેરાવળ બાયપાસ ખાતે કોંગ્રેસ સૌરાષ્ટ્ર ઝોનની બેઠક શરૂ થાય તે પહેલા કોંગ્રેસના પ્રભારી, પ્રદેશ પ્રમુખ, એઆઈસીસીના પ્રતિનિધિઓ, આગેવાનનો અને કાર્યકરો બાઈક-કાર રેલી મારફત સોમનાથ મંદિર પહોંચ્યા હતા. જ્યાં કોંગ્રેસના પ્રભારી ડો. રઘુ શર્મા, પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, અર્જુનભાઈ મોઢવાડીયા, સિધ્ધાર્થ પટેલ, સુખરામ રાઠવા, સૌરાષ્ટ્રના ૧૯ કોંગી ધારાસભ્યો સહિત નેતાઓ કાર્યકરોએ સોમનાથ મહાદેવને ધ્વજારોહણ કરી મહાપુજા અર્ચના કરી હતી. સોમનાથ મહાદેવને શીશ ઝુકાવ્યા બાદ પ્રભારી ડો. રઘુ શર્માએ પત્રકારોને જણાવેલ કે, ભગવાનની પૂજા રાજનીતિક લાભ મેળવવા ભાજપ કરી શકે પણ કોંગ્રેસ નહીં. સોમનાથ મહાદેવ અમારા આરાધ્ય દેવ છે. ચૂંટણી હોય કે ના હોય મહાદેવની પૂજા અર્ચના અમારો ધર્મ અને કર્મ છે. જ્યારે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરએ ભાજપને આસુરી તાકાત ગણાવતા કહેલ કે, આસુરી તાકાત સામે લડવા મારે સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી આશીર્વાદ માંગ્યા છે. ભાજપ સરકારના જુઠાણાઓ સામે લોકોને જાગૃત કરવા આગામી દિવસોમાં ગુજરાતના ૧૦ લાખ ઘરોની કોંગ્રેસના કાર્યકર્તાઓ મુલાકાત લેવા અભિયાન છેડશે.

**આગામી ચૂંટણીને લઈ મંથન કરાયું**

સોમનાથ ધ્વજારોહણ બાદ વેરાવળ બાયપાસ ખાતે હોટલમાં સૌરાષ્ટ્ર ઝોનની ૫૪ વિધાનસભા બેઠકોની પરિસ્થિતિ અંગે ચિંતન શિબિરની બેઠકનો પ્રારંભ થયો હતો. જેમાં એઆઈસીસીના પ્રતિનિધિઓ, પ્રદેશના આગેવાનો અને સૌરાષ્ટ્રના ૨૧ પૈકી ૧૯ કોંગી ધારાસભ્યો અને સંગઠનના હોદેદારો હાજર રહ્યા હતા. ધારાસભ્ય પ્રતાપ દુધાત અને અમરીશ ડેર ગેરહાજર રહ્યા હતા. આ મંથન બેઠકથી કોંગ્રેસે આગામી વિધાનસભા ચૂંટણીનો શંખનાદ કર્યો હતો. આ બેઠકમાં પ્રભારી ડો. શર્મા સહિતનાએ આગામી દિવસોમાં ચૂંટણીને લઈ બુથ મેનેજમેન્ટ મજબુત કરવા ઉપર ભાર મુકી બે મહિના સુધીના કાર્યક્રમોની રૂપરેખા જણાવી હતી.

**૧૦ લાખ ઘરોની કાર્યકર્તાઓ મુલાકાત લઈ લોકોને જાગૃત કરવાનું અભિયાન છેડાશે**

આ બેઠકમાં ડો. રઘુ શર્માએ જણાવેલ કે, આગમી ગુજરાતની ચૂંટણીમાં ૧૨૫ સીટ જીતવાના લક્ષ્યાંક સાથે કોંગ્રેસની સરકાર બનાવવાનો સંકલ્પ કરેલ છે. તેના માટે માઈક્રોલેવલની અત્યારથી જ તૈયારી કરવા માર્ગદર્શન આપેલ હતું. આગામી દિવસોમાં કોંગ્રેસ કઈ રીતે મજબુતીથી આગળ વધશે તેન અંગે ચર્ચાઓ કરી રણનિતી ઘડી હતી. આગામી દિવસોમાં ભાજપ સરકારના જુઠાણા અંગે લોકોને જાગૃત કરવા અંગે ખાસ અભિયાન અંતર્ગત ૧૦ લાખ ઘરો સુધી પહોંચવાનું આયોજન કરાયેલ છે.

**૧૦ બેઠકો ઉપર ખાસ ફોક્સ રાખી ફરી વિજય મેળવવા કવાયત**

અત્રે નોંધનીય છે કે, ગુજરાતની ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ચૂંટાયેલા પૈકીના જામનગર, રાજકોટ, અમરેલી, મોરબી, જૂનાગઢ, કચ્છ, ભાવનગર જિલ્લામાં ૧૦ જેટલી બેઠકોના ધારાસભ્યોએ સમયાંતરે કોંગ્રેસનો હાથ છોડી ભાજપને ખેસ ધારણ કર્યો હતો. આ દસેય બેઠકોનો જનાદેશ કોંગ્રેસને મળ્યો હતો. જેથી આગામી ચૂંટણીમાં આ દસેય બેઠકો માટે ખાસ રણનિતી ઘડી ફોક્સ રાખી ફરી જીતવા કમ્મર કસવાની તૈયારી કરી રહ્યાનું સુત્રોમાંથી જાણવા મળેલ છે.

## માણાવદરમાં કન્યા કેળવણી, શાળા પ્રવેશ મહોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૭

માણાવદર તાલુકા પે સેન્ટર-૨માં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જેમાં ધો. ૧માં ૩૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો અને શાળાનાં વિદ્યાર્થીઓનું સન્માન કરાયેલ હતું. તેમજ વૃક્ષારોપણ કરાયું હતું. આ તકે મેહુલ મારૂ, ડો. પંકજભાઈ જોષી, મશરૂભાઈ, કમલેશભાઈ લોઢીયા, જનકસિંહ ચાવડાનું સન્માન કરાયેલ હતું.

## જૂનાગઢ : જવાહર નવોદય વિદ્યાલય ખાતે સાધારણ સભા યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

જવાહર નવોદય વિદ્યાલય જૂનાગઢમાં સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલીઓ અને શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, શાળામાં અભ્યાસની વ્યવસ્થા ખૂબ સારી રીતે ચાલી રહી છે અને નવા બિલ્ડિંગની પ્રક્રિયા પણ ચાલુ હોવાનું જણાવવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિશ્વ ઉપર તોળાતો ખતરો, વધુ એક શીતયુધ્ધના ભણકારા

યુક્રેન ઉપર રશિયાના હુમલાના ચાર મહિના પૂરા થઈ રહ્યા છે. હવે એ સ્પષ્ટ છે કે, યુધ્ધ છેડતાં પહેલાં રશિયાનાં જે લક્ષ્ય હતાં, તે પૂરાં નહીં થાય. સંભવતઃ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને એ વિચાર્યું નહીં હોય કે યુક્રેન સરકાર અને જનતા આટલી મજબૂતીથી તેની સેનાઓનો સામનો કરશે અને અમેરિકા તથા નાટો દેશો તેની હરસંભવ મદદ કરશે. હવે રશિયાનાં લક્ષ્ય સીમિત રહી ગયાં છે - પૂર્વી યુક્રેન એટલે કે ડોનબાસના વિસ્તાર ઉપર પૂર્ણ કબ્જા સાથે દક્ષિણ યુક્રેનમાં ઓશકિવ અને કાળા સાગરના તટ ઉપર નિયંત્રણ. હવે તો એવું લાગે છે કે રશિયા આ પ્લાનમાં સફળ થઈ જશે, જોકે એ સ્પષ્ટ નથી કે ઓડેસા બંદર ઉપર તે કેવું વલણ અપનાવશે. સવાલ એ છે કે, આ યુધ્ધની રશિયા, યુરોપ અને બાકી દુનિયા ઉપર શી અસર પડશે અને રશિયા પોતાના સીમિત લક્ષ્યની શી કિંમત ચૂકવશે ? રાષ્ટ્રપતિ પુતિન એ જ માને છે કે રશિયાની યુક્રેનમાં ઐતિહાસિક ભૂમિકા હતી, જેને કારણે કીવને એ અધિકાર ન હતો કે તે પશ્ચિમના ખોળામાં, ખાસ કરીને નાટો સાથે બેસી જશે. હજુ એવું નથી લાગતું કે આવનાર વર્ષોમાં યુક્રેન નાટોનું સદસ્ય બની શકશે, પરંતુ સ્વીડન અને ફિનલેન્ડની સદસ્યતા નાટોના દેશો અંતે સ્વીકાર કરશે, જેનો રશિયાની વ્યૂહાત્મક સ્થિતિ ઉપર નકારાત્મક પ્રભાવ પડશે. એટલે કે પોતાની વ્યૂહાત્મક સ્થિતિને મજબૂત કરવા માટે જે યુધ્ધમાં રશિયાએ હાથ નાખ્યો તે જ હવે તેના હાથ બાળી રહી છે. રશિયા સામે એક વધુ સમસ્યા છે જે નાટો દેશો દ્વારા યુક્રેનને અપાતા સમર્થનથી પેદા થશે અને લાંબા વર્ષો સુધી ચાલશે. નાટો દેશો હજુ પણ યુક્રેનને યુધ્ધ સામગ્રી આપી રહ્યા છે અને તે એટલી માત્રામાં ઉપલબ્ધ કરાવતા રહેશે કે સ્થિતિ સામાન્ય ન થઈ જાય. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાડિને જલ્દી યુક્રેનને એક અબજ ડોલરની વધારાની સૈન્ય મદદ આપવાનું એલાન કર્યું છે. કહી શકાય કે રશિયા જે પ્રકારે ૧૯૮૦ના દાયકામાં અફઘાનિસ્તાનના કળણમાં ખૂંપી ગયું હતું, તેના માટે ઠીક એવી સ્થિતિ નાટોના દેશ, ખાસ કરીને અમેરિકા હવે યુક્રેનમાં પેદા કરવા માંગે છે. યુક્રેન ઉપર આક્રમણથી યુરોપની વ્યૂહાત્મક સ્થિતિ તો બદલાઈ જ, વિશ્વની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ થઈ ગઈ છે. વિશેષ કરીને ઊર્જા પૂરવઠા ઉપર ખરાબ અસર પડી છે, જેને કારણે ક્રુડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસના ભાવ અત્યાધિક વધી ગયા છે. તેની ખરાબ અસર ભારત ઉપર પણ પડી રહી છે. તે ઉપરાંત, યુક્રેનથી ઘણી માત્રામાં ઘઉંની નિકાસ થાય છે અને પશ્ચિમ એશિયાના દેશો તથા આફ્રિકા આ જ ઘઉં ઉપર નિર્ભર છે. હાલમાં આ પૂરવઠો બંધ છે, જેને કારણે સંયુક્ત રાષ્ટ્રની એજન્સીએ ચેતવણી આપી છે કે, યુક્રેનના ઘઉં ઉપર નિર્ભર દેશોને ભૂખમરાનો સામનો કરવો પડી શકે છે. ભારતે પણ ઘઉંની નિકાસ રોકી દીધી છે, જોકે, વિશ્વ ખાદ્ય કાર્યક્રમને એ અપીલ પણ કરી છે કે તે 'સરકારથી સરકાર' ઘઉંના પૂરવઠાની પરવાનગી આપે. આ એક સારૂ પગલું છે. આ તરફ ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગે પોતાના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન સાથે ટેલીફોન ઉપર વાત કરી, જેની વિગતો આપતાં ચીની વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, બેજિંગ રશિયાની સંપ્રભુતા અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણના પક્ષમાં છે. આ આશ્વાસનતી પુતિનને ફરીથી રાહત મળી હશે, કારણ કે જે પ્રકારે રશિયા ઉપર પશ્ચિમી દેશોએ પ્રતિબંધ લગાવ્યા છે, તેને કારણે આર્થિક દ્રષ્ટિથી તેને ચીનની જરૂરિયાત છે. એટલે કે તે જેટલી ઊર્જાની આયાત રશિયાથી કરી રહ્યું છે, તેને તે વધારે. સાથે જ અન્ય સામગ્રીઓની આયાતમાં પણ કપાત ન કરે. સમાચાર એ પણ છે કે ચીને રશિયાના ઓઈલની આયાત વધારી દીધી છે અને તે એક વર્ષ પહેલાંના સ્તરથી ૫૫ ટકા વધીને રેકોર્ડ ઊંચાઈ ઉપર પહોંચી ગઈ છે. હવે સઉદી અરબને પછાડતાં રશિયા ચીનમાં તેલનો સૌથી મોટો પૂરવઠાકાર દેશ બની ગયો છે. રશિયા અને ચીનના રાષ્ટ્રાધ્યક્ષોની આ ભૂમિકા એનો જ સંકેત છે કે ચીન અમેરિકાની નીતિઓનો કોઈપણ ભોગે મુકાબલો કરવા માંગે છે. હા એ ખરૂ કે ભારતે પણ આ હુમલાની નિંદા નથી કરી, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતીય પ્રતિનિધિઓના નિવેદનોથી સ્પષ્ટ છે કે, ભારત તેને ખોટું માને છે. પહેલાં ભારત રશિયાના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણનો ઉલ્લેખ કરતું હતું, ત્યાં જ ૨૪ ફેબ્રુઆરી, એટલે કે યુક્રેન ઉપર હુમલાની શરૂઆતવાળા દિવસથી તેણે એવું કરવાનું બંધ કરી દીધુ છે. ભારતે જોર આપીને કહ્યું કે, આંતરરાષ્ટ્રીય બાબતોનું સમાધાન કૂટનીતિ અને વાતચીતથી જ નીકળવું જોઈએ. તેમાં કોઈપણ દેશની સંપ્રભુતાનું હનન ન થવું જોઈએ અને ના સીમાઓનું ઉલ્લંઘન. તેથી વિપરીત, ચીન હજુ પણ રશિયાના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણની ચર્ચા કરે છે. અસલમાં તે રશિયાની દુવિધાનો ફાયદો ઉઠાવવા માંગે છે. તેના વલણથી દેખીતું છે કે તે અમેરિકા અને નાટો દેશોના પરોક્ષ રૂપે મૂકાબલો કરવા માટે આગળ વધી રહ્યું છે. ચીનની દાનત રશિયાની એ કમજોરીઓથી લાભ કમાવાની છે, જે આ યુધ્ધને કારણે પેદા થશે. આ તરફ અમેરિકા પણ જાણે છે કે યુરોપના દેશો ઉપર તે એટલું દબાણ નહીં કરી શકે કે તે રશિયા પાસેથી ખરીદી સંપૂર્ણ બંધ કરી દે. તેથી તે રશિયા ઉપર પ્રતિબંધ તો વધારશે, પરંતુ એટલા પણ નહીં કે રશિયા વિવશ થઈને કોઈ એવું ખતરનાક પગલું ભરી લે, જેનાથી વિશ્વ શાંતિને ખતરો પેદા થઈ જાય. રશિયા-યુક્રેન યુધ્ધની વિશ્વ વ્યવસ્થા ઉપર અસર પડવી સ્વાભાવિક છે. એવું પણ લાગે છે કે, દુનિયા એક નવા શીતયુધ્ધ તરફ આગળ વધશે, જેમાં એક તરફ અમેરિકા અને તેના યુરોપ તથા એશિયાના મિત્ર રાષ્ટ્રો હશે, તો બીજી તરફ ચીન અને રશિયા. આ પરિસ્થિતિમાં ભારતે લચીલી કૂટનીતિનો ઉપયોગ કરવો પડશે. ભારતનાં હિત રશિયા સાથે પણ છે અને પશ્ચિમના દેશો સાથે પણ. સાથે જ ભારત માટે સૌથી મોટો વ્યૂહાત્મક પડકાર ચીન છે. તેથી ભારતે એક સંતુલિત નીતિ અપનાવવી પડશે. તેની સાથે સાથે આપણે દુનિયાને એ સંદેશ પણ આપવો પડશે કે ભારત સ્વતંત્ર વિદેશ નીતિ અખત્યાર કરી રહ્યું છે અને તે અમેરિકાના જૂથમાં નથી જવાનું.

## સામાજીક સૌહાર્દનું પ્રતિક - જગન્નાથજી ભગવાનની રથયાત્રા

# અમદાવાદ પોલીસના મહિલા અધિકારીઓની અધ્યક્ષતામાં યોજાયું સૌહાર્દ સંમેલન







- જે ઘરને સારી રીતે ચલાવી શકે કે વ્યવસ્થા અને દેશને પણ સારી રીતે ચલાવી શકે છે, રથયાત્રા શાંતિ અને સૌહાર્દપૂર્ણ સંપન્ન કરવામાં મહિલાઓની ભૂમિકા અગત્યની : ડો. કાનન દેસાઈ(DCP)
- મહિલાઓ પારખુ નજરથી ફેક ન્યૂઝ અને તેને ફેલાવનારને ઓળખે, સોશ્યલ મીડિયા સહિતના માધ્યમોથી સંપર્ક કરે, પોલીસ તમારી સાથે છે : ડો. લવિના સિન્હા(DCP)
- યુનિફોર્મ પહેર્યા પછી જાતિ, લિંગ કે ધર્મને બદલે માનવી અમારા માટે મહત્વનો : ડો. કાનન દેસાઈ
- ડ્રગ્સના વ્યસનથી તમારા સંતાનોને બચાવો, સમાજની દિકરીઓને ખૂબ ભણાવો : ડો. લવિના સિન્હા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૭

૧ જુલાઈએ આયોજીત થનારી રથયાત્રા સમાજીક સૌહાર્દનું પ્રતિક બને તે માટે અમદાવાદ શહેર પોલીસ અને શાંતિ સમિતિના સંયુક્ત ઉપક્રમે કારંજના પથ્થરકુવા વિસ્તારમાં સૌહાર્દ સંમેલન આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરના ૨ મહિલા DCP ડો. લવિના સિન્હા અને ડો. કાનન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. વિસ્તારની તમામ સમાજની મહિલાઓની બહોળી સંખ્યામાં ઉપસ્થિતી એ આ કાર્યક્રમને સૌથી મોટી વિશેષતા હતી. ઉપસ્થિત મહિલાઓને સંબોધતા ડો. કાનન દેસાઈએ જણાવ્યું હતું કે, એક સ્ત્રી ઘરને સારી રીતે ચલાવી શકે તો દેશ અને વ્યવસ્થાને પણ સારી રીતે ચલાવી શકે, રથયાત્રા શાંતિ-સુરક્ષા અને સૌહાર્દપૂર્ણ રીતે સંપન્ન થાય તેમાં મહિલાઓની ભૂમિકા સૌથી અગત્યની છે. બે વર્ષે રથયાત્રા યોજાઈ રહી છે તો સ્વાભાવિક રીતે જ ભાવિકોમાં ઉત્સાહ હશે. ત્યારે બહેનો અને દીકરીઓ આગળ આવે અને પોલીસને સહકાર આપે. આવા સંમેલનોમાં મળ્યા બાદ રથયાત્રાના બંદોબસ્તમાં મળીશું તો વિશેષ આનંદ થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, મહિલાઓ પોતાની પારખુ નજરથી શાંતિ ડહોળનારા અને ઉપદ્રવી લોકોને ઓળખે અને પોલીસને તેની માહિતી આપે. માત્ર રથયાત્રા જ નહીં ઈદ, જન્માષ્ટમી અને મહોર્રમમાં પણ શાંતિપૂર્ણ વાતાવરણ બની રહે અને કોઈપણ વ્યક્તિ કાયદો પોતાના હાથમાં ન લે તેનું બારીકાઈથી નિરીક્ષણ મહિલાઓ કરતા વધારે સારૂ કોઈ ન કરી શકે. અમદાવાદની રથયાત્રાના ૪૫૦ વર્ષના ઈતિહાસમાં સુરક્ષા અને સૌહાર્દ સંબંધિત મહિલા સંમેલન પ્રથમર વખત આયોજીત થવા ઉપર ડો. લવિના સિન્હાએ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતુ કે, સામાન્ય રીતે મહિલાઓ ચીવટપૂર્વક કામ કરવા ટેવાયેલી હોય છે. આ વિસ્તારની મહિલાઓ મહેંદી કે કાપડ ઉપરની સિલાઈનું કામ પણ ઝીણવટપૂર્વક કરે છે. તેટલી જ ચોક્કસાઈથી પોલીસ સાથે મળીને શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં મહિલાઓએ આગેવાની લેવાની છે. રથયાત્રા અને ઈદ જેવા ધાર્મિક પ્રસંગોના સમયે માહોલ બગાડવાના પ્રયાસોને અટકાવવા મહિલાઓ સોશ્યલ મીડિયાના માધ્યમથી પોલીસનું ધ્યાન દોરે. બાળકીઓના અભ્યાસ ઉપર ભાર મુકતા તેમણે જણાવ્યું હતું કે, તમારા વચ્ચેની કોઈ બાળકી પણ ભવિષ્યમાં મોટા અધિકારી બની શકે છે. આ ઉપરાંત તેમણે ડ્રગ્સ જેવા દુષણને નાથવામાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકા સમજાવતા મહિલાઓ તેમના સંતાનોને ડ્રગ્સ સહિતના વ્યસનોથી દૂર રાખી શકવા સક્ષમ હોવાનું પણ તેમણે કહ્યું હતું. ઘરમાં સૌથી પહેલા જાગતી મહિલાઓ સમાજને જગાડવામાં પણ આગળ આવે તેવી અપીલ ડો. લવિના સિન્હાએ કરી હતી. આ પ્રસંગે સેક્ટર-૧ના જોઈન્ટ પોલીસ કમિશ્નર રાજેન્દ્ર અસારીએ પણ સંબોધન કર્યુ હતું જેમાં તેમણે નારી શક્તિને સલામ કરતા કહ્યું કે આજે અમદાવાદ પોલીસ અમદાવાદ પોલીસ એકતા, ભાઈચારો અને પ્રેમનો સંદેશ લાવી છે. આવનારા તમામ તહેવારો સુખરૂપ ઉજવાય તેવી સૌકોઈ પાસેથી અપેક્ષા છે. સમાજની દરેક ઘરમાંથી સાનિયા મિર્ઝા અને અબ્દુલ કલામ નિકળવા જોઈએ. અમદાવાદની ઓળખ સમાન રથયાત્રાના સદીઓ જૂના ઈતિહાસમાં પહેલી વખત આ પ્રકારની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં પોલીસ અધિકારીઓના સર્વ સમાવેશી વલણ અને શાંતિની અપીલ ખૂબ જ અસરકારક રહી. મહિલા આગેવાનો, NGO, સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સૌ કોઈએ ખુશી-ખુશી અમદાવાદ શહેર પોલીસને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સી ટીમના અને વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા મહિલા કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

# અમેરિકા : જ્યારે ૫ ટનના હાથીને સરેઆમ ફાંસી ઉપર લટકાવાયો હતો

## શહેરમાં પરેડ દરમ્યાન ખાવાની ચીજ તરફ જતા અટકાવનાર મહાવતને હાથીએ પટકીને પગ તળે કચડી નાંખ્યો હતો

(એજન્સી)

વોશીંગ્ટન તા.૨૭

વિશ્વના અનેક દેશોમાં જઘન્ય અપરાધ બદલ ફાંસીની સજા આપવામાં આવે છે. પરંતુ કોઈ જાનવરને ફાંસીની સજા આપવાનો કિસ્સો અમેરિકામાં બન્યો હતો. જયાં સરેઆમ હાથીને ફાંસીની સજા આપવાના નિર્ણયનું મોટી સંખ્યામાં લોકોએ સમર્થન કર્યુ હતું. આ ઘટના ૧૯૧૬ની છે. તે સમયે અમેરિકાના ટેનેસી રાજયમાં મૈરી નામના હાથીને હજારો લોકોની હાજરીમાં ફાંસી આપવામાં આવી હતી. હાથીને ફાંસી આપ્યા પાછળ અજબ કિસ્સો છે. વાસ્તવમાં ચાર્લી સ્પાર્ક નામનો વ્યકિત ટેનેસીમાં સ્પાકર્સ વર્લ્ડ ફેમસ શો નામનું સર્કસ ચલાવતો હતો. જેમાં મૈરી નામના એશિયાઈ હાથી સહિતના જાનવરો હતા. હાથીનું વજન લગભગ ૫ ટન હતું અને તે સર્કસનું મુખ્ય આર્કષણ હતો. દરમ્યાન એક દિવસ મૈરીના મહાવતે કોઈ કારણોસર નોકરી છોડી દીધી હતી. તેના સ્થાને લવાયેલા બીજા મહાવત અંગે મૈરી હાથીને જાણકારી નહતી. જેથી તેને કંટ્રોલ કરવામાં નવા મહાવતને મુશ્કેલી પડતી હતી. દરમ્યાન એક દિવસ સર્કસના પ્રમોશન માટે શહેરમાં પરેડનું આયોજન કરાયું હતું. જેમાં મેરી હાથી સહિત અન્ય જાનવરોને પણ સામેલ કરાયા હતા. શહેરની વચ્ચોવચ્ચથી પરેડ નીકળી હતી. રસ્તામાં મેરી હાથીએ ખાવાની કેટલીક વસ્તુઓ જોઈને તે તરફ ઝડપથી ચાલવા લાગ્યો. તેને રોકવાની મહાવતે કોશિષ કરી પરંતુ હાથી માન્યો નહી. આથી તેને કંટ્રોલમાં કરવા મહાવતે તેના કાન નીચે ભાલો માર્યો. આથી ગુસ્સે ભરાયેલ હાથીએ મહાવતને નીચે પટકી દીધો અને તેને પોતાના વિશાળકાય પગ નીચે કચડી નાંખ્યો. આ ઘટનામાં મહાવતનું મોત થયું અને લોકોમાં ભાગદોડ મચી ગઈ. આ ઘટના બાદ કેટલાક લોકોએ હાથીને મારી નાંખવાનો હોબાળો કર્યો હતો. બીજા દિવસના અખબારોમાં આ ઘટનાનું વર્ણન પ્રસિદ્ધ થતા શહેરમાં હોબાળો મચ્યો હતો. આ ઘટના સંદર્ભ મેરી હાથીને ફાંસી આપવાનું નકકી કરાયું. તેના માટે અન્ય શહેર એરવિનથી ૧૦૦ ટનની ક્રેઈન મંગાવવામાં આવી હતી. આ ક્રેઈનનો મુખ્યત્વે રેલ્વે કેરેજ ઉપાડવામાં ઉપયોગ થતો હતો. લોકો ફાંસીની ઘટના જોઈ શકે તે માટે જાહેર સ્થળે આયોજન કરાયું. મેરી હાથીની મોટી ગર્દનની



આજુબાજુમાં ચેઈન બાંધવામાં આવી હતી. જો કે ક્રેઈને હાથીને પાંચેક ફૂટ ઉંચકયો ત્યાં ક્રેઈનની ચેઈન તૂટી ગઈ. ત્યારબાદ બીજી ચેઈન મંગાવીને નિર્દયતાપૂર્વક હાથીની ગરદનને બાંધવામાં આવી. ત્યારબાદ હાથીનું મૃત્યું ન થયું ત્યાં સુધી, અડધો કલાક તેને લટકાવી રાખવામાં આવ્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આળસમાં દરિદ્રતાનો વાસ હોય છે.

- સંત તિરૂવલ્લુવર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.બહમન-૧૩૯૧, મુ. જિલ્કાદ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, જયેષ્ઠ વદ-૧૪ શિવરાત્રી તા.૨૭ જુન ૨૦૨૨, સોમવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૭, રોહિણી નક્ષત્ર, હર્ષણ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સવારે ૫:૩૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૭-૬-૨૦૨૨ થી ૩-૭-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. મનની મુરાદ બર ન આવે. ગૃહ વિવાદ થાય, સાંચવીને કામ કરવું. તેમાં લાભ મળે તેવી શક્યતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂ રહે. આરોગ્ય એકંદરે સારૂ રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારૂ અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. અણધારી આફતના ભોગ બનવું પડે. કાર્યક્ષેત્રની નુકશાની. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમ્યાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમ્યાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. આરોગ્યની બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહવિવાદ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમ્યાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવુંહિતાવહ. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૂ છતાં પણ બેચેની રહે. કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકશો. નવા શુભ સમાચાર મળે. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમ્યાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય. નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. આર્થિક સમસ્યા દૂર થાય. ગૃહજીવનમાં ચકમક ઝરે. મનમાં અશાંતિ રહે. કૌટુંબિક વાતાવરણ આનંદ-મંગલમય રહે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમ્યાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. પ્રવાસમાં લાભ થાય. કર્મક્ષેત્રે વિશેષ લાભ મેળવી શકશો. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. નવિન સમાચાર મળે. મનમાં વ્યથા-દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી. જીવનસાથીથી મદદ મળે. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમ્યાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. આર્થિક નુકશાની ભોગવવી પડે. ખોટા સાહસોથી દૂર રહેવું. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારૂ નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગનો ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. વ્યવહારોમાં અંતરાયથી દૂર રહેવું. માંગલિક કાર્યોનું આયોજન થાય. તોમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમ્યાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ મળે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમ્યાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. મનમાં પ્રસન્નતા રહે. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમ્યાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ ઉપર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. પ્રવાસમાં સફળતા મળે. અણધાર્યો લાભ મેળવી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

### પૂર્વ શિક્ષણમંત્રી ચુડાસમાનો ડ્રીમ પ્રોજેક્ટ સફળ થયો

# કચ્છના નાના રણમાં અગરિયાઓના બાળકો સુધી શિક્ષણ પહોંચાડતી અત્યાધુનિક રણ બસ શાળા

## રણ બસ શાળા પંખા, એલઈડી લાઈટ અને સોલાર પેનલોથી સજ્જ, ૩૫ જેટલી બસમાં ૪૦૦થી વધુ બાળકો મેળવે છે શિક્ષણ

સુરેન્દ્રનગર, તા.૨૭

કચ્છના નાના રણમાં અગરિયાઓના બાળકો સુધી શિક્ષણ પહોંચાડતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે એસ.ટી. બસોને મોડીફાઈ કરીને ૩૫ અદ્યતન રણ બસ શાળા બનાવી છે. જેમાં ૪૦૦થી વધુ અગારિયાના બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. આ બસમાં ૧૮ થી ૨૪ વિદ્યાર્થીઓ બેસી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. તેમજ બસમાં બંને બાજુ ચાર-ચાર મળી કુલ આઠ પંખા અને છ એલઈડી લાઈટ મૂકવામાં આવી છે.

આ રણ બસ શાળામાં બસની નીચેની સાઈડમાં ડીઝલની ટાંકી પાસે એક મોટું ખાનું બનાવી એમાં સિન્ટેક્સની ચોરસ ટાંકી ફીટ કરી અગરિયા ભુલકાઓને પીવાના પાણી માટે એમાં નળ પણ મુકવામાં આવેલા છે. બસની ઉપર ૩૦૦-૩૦૦ વોટની ૫ સોલાર પેનલો લગાવેલી છે. જેનાથી રણમાં આખો દિવસ રણ બસ શાળાના તમામ પંખા, લાઈટ અને ટેલિવિઝન ચાલુ રાખવા પુરતી વિજળી મળી શકે. આ રણ બસ શાળામાં એક મોટું ગ્રીન બોર્ડ અને કુલ ૬ સોફ્ટ બોર્ડ કે જેમાં અગરિયા ભુલકાઓએ દોરેલા ચિત્રો અને પેઈન્ટિંગ પણ લગાવી શકાય. આ રણ બસ શાળાની અંદર ઘડીયા, સાદા દાખલા સહિત અગરિયા ભુલકાઓને ઉપયોગી એવા વિવિધ ચાર્ટ પણ લગાવેલા છે. બસમાં કાચની બારીની જગ્યાએ લોઅર્સ લગાવેલા છે. જેનાથી રણમાં પવન અને તડકાને ઉપર નીચે કરીને કન્ટ્રોલ કરી શકાય છે. બસની અંદર વૃક્ષો અને કાર્ટુન મૂકી સુંદર રીતે ડેકોરેટ પણ કરવામાં આવી છે. અંદાજે સવા બે કરોડના ખર્ચે બનનારી આ ૩૦ રણ બસ શાળાની બહાર આઈન્સ્ટાઈન, બેડમિંટન ચેમ્પિયન સાનિયા નહેવાલ, બોક્સીંગ ચેમ્પિયન મેરીકોમ અને સ્વામી વિવેકાનંદ જેવી પ્રેરણા મૂર્તિના ફોટા અને કોટ પણ મુકવામાં આવ્યા છે. બસની પાછળના ભાગમાં અગરિયા ભુલકાઓને બસમાં ચઢવા માટેની સીડી પણ એડજેસ્ટેબલ છે, જે ધક્કો મારો તો અંદરની સાઈડ જતી રહે અને ખેંચો તો બહારની સાઈડ નીકળી જાય.

ખારાઘોડા અને ઝીંઝુવાડા રણમાં ૧૫ રણ બસશાળા-૩૪૦ વિદ્યાર્થીઓ, સાંતલપુર રણ-૮ રણ બસશાળા-૨૨૫ વિદ્યાર્થીઓ અને ધ્રાંગધ્રા, હળવદ, મોરબી અને માળીયા રણ-૭ રણ બસશાળા૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

થોડા સમય અગાઉ રણમાં યુ.કે.થી આવેલી એક સંસ્થાએ રણ તંબુશાળાનો દેશની ૧૦ દુર્લભ શાળામાં સમાવેશ કર્યો હતો. પરંતુ રણમાં મીઠું પકવતા અગરિયા ભુલકાઓ બસશાળામાં શિક્ષણ મેળવી રહ્યાં છે. આથી દેશની ૧૦ દુર્લભ શાળામાં પસંદગી પામેલી રણ તંબુશાળા હવે ભૂતકાળ બની છે. રણમાં ''કાળી મજૂરી દ્વારા સફેદ મીઠું'' પકવતા અગરિયાઓના ભુલકાઓ માટે શિક્ષણ મેળવવું એક કઠોર સાધના સમાન છે. ભારતમાં અપાતા શિક્ષણના સર્વે માટે છેંક યુ.કે.થી આવેલી ખાસ ટીમેં 'ગોઈંગ ટુ સ્કુલ ઈન ઈન્ડિયા' નામના પ્રોજેક્ટ હેઠળ યુ.કે.ની શિક્ષિકા લીઝા હેડલૌફે પોતાની ટીમ સાથે ભારતના તમામ રાજયોમાં ખુણેખાંચરે આવેલા સ્થળોની મુલાકાત લઈ તેના ઉપર ડોક્યુમેન્ટરી ફિલ્મો બનાવી હતી. જેમાં ગુજરાતની વેરાન રણમાં કંતાનના ઝુંપડામાં ચાલતી રણ શાળાનો દેશની દશ દુર્લભ શાળામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ દેશની ૧૦ દુર્લભ શાળામાં પસંદગી પામેલી એક સમયની રણ તંબુશાળા હવે ભવ્ય ભૂતકાળની ગર્તામાં ધકેલાઈ જશે. ગુજરાત સરકારના ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, સર્વ શિક્ષા અભિયાનના સચિવ પી.ભારતી, એસ.ટી.નિગમના સચિવ સોનલ મીશ્રા, અગરિયા હિતરક્ષક મંચના હરણેશભાઈ પંડ્યા, મધ્યાહ્‌ન ભોજન અને આંગણવાડીના અધિકારીઓ વચ્ચે યોજાયેલી મેરોથોન મીટીંગમાં કેટલાક ઐતિહાસીક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં રણમાં મીઠું પકવતા અગરિયાઓના ભૂલકાઓ તંબુ શાળાના બદલે જુની ખખડધજ બસોને મોડીફાય કરીને તૈયાર કરેલી બસમાં શિક્ષણનું ભાથુ મેળવી રહ્યાં છે. આ અંગે અગરિયા હિત રક્ષક મંચના હરણેશભાઈ પંડ્યાએ જણાવ્યું કે, ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી

ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આપેલા આદેશ મુજબ હવેથી રણમાં અગરિયા ભૂલકાઓને **PTC** કે **B.A. B.ED.** શિક્ષકની સાથે બાલ દોસ્ત એમ બે જણા શિક્ષણનું ભાથું આપશે. કોરોનાના લીધે બે વર્ષ સુધી તમામ સ્કુલોની સાથે રણ બસ શાળાઓ પણ બંધ હતી. ત્યારે અગરિયા ભુલકાઓને ટેબ્લેટ દ્વારા શીક્ષણનો સેવાયજ્ઞ અવિરત ચાલી રહ્યો છે. અગરિયા હિત રક્ષક મંચ દ્વારા અગરિયા બાળકોનું શિક્ષણ ન બગડે એ વાતને ધ્યાનમાં લઈને રણમાં અગરિયાઓના ઝુપડે-ઝુપડે જઈ ટેબ્લેટ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું.

# ભારતનું જીસેટ-૨૪ સેટેલાઈટ લોન્ચ, ટાટા પ્લેને લીઝ ઉપર અપાયું



બેંગ્લોર તા.૨૭

એરિયન સ્પેસે **ISRO**ના જીસેટ-૨૪ સેટેલાઈટને નિશ્ચિત કક્ષામાં સફળતાપૂર્વક તૈનાત કરી દીધો છે. જેનો સીધો ફાયદો ટાટા કંપનીને થવાનો છે. યુરોપિયન સ્પેસ એજન્સી (ઈએસએ) અને એરિયન સ્પેસે ભારતના જીસેટ -૨૪ સંચાર ઉપગ્રહને સફળતાપૂર્વક અવકાશમાં તૈનાત કર્યો છે. આ સેટેલાઈટથી ટાટા કંપનીને ફાયદો થશે. ઈસરોની કોમર્શિયલ શાખા ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ)એ ટાટા પ્લેને જીસેટ-૨૪ સેટેલાઈટ લીઝ પર આપ્યો છે. તેનું પ્રક્ષેપણ ૨૨ જૂન ૨૦૨૨ના રોજ ફ્રાન્સના ફ્રેન્ચ ગિયાનામાંથી થયું હતું. હવે આ ઉપગ્રહ દેશમાં ડીટીએચની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અખિલ ભારતીય કવરેજ પ્રદાન કરશે. આ ઉપગ્રહ અને તેના તમામ ઉપકરણો કાર્ગો એરક્રાફ્ટ ગ્લોબમાસ્ટર સી-૧૭ દ્વારા ૧૮ મે, ૨૦૨૨ના રોજ કુરૂ મોકલવામાં આવ્યા હતા. આ પ્રક્ષેપણ ૨૨ જૂન ૨૦૨૨ના રોજ ફ્રાન્સના ફ્રેન્ચ ગિયાનાના કોરોઉમાં એરિયલ સ્પેસ સેન્ટરથી થયું હતું. જીસેટ-૨૪ સેટેલાઈટ ૧૫ વર્ષ સુધી કામ કરશે. તે ડીટીએચ સર્વિસ પ્રોવાઈડર ટાટા પ્લેને તેની સેવાઓ પ્રદાન કરશે. આ સેટેલાઈટની મદદથી ટાટા પ્લે ભારતભરમાં વધુ સારી અને સરળતાથી સંચાલિત ડીટીએચ સેવાઓ પૂરી પાડી શકશે. એરિયન સ્પેસથી પ્રક્ષેપિત કરવામાં આવેલો આ ૨૫મો ભારતીય ઉપગ્રહ છે. એરિયાન સ્પેસે અત્યાર સુધીમાં ૧૧ જીસેટ૨૪ સેટેલાઈટ લોન્ચ કર્યા છે. ઈસરો અને એરિયન સ્પેસ વચ્ચેના સંબંધો ૧૯૮૧થી સતત ચાલી રહ્યા છે. તેની શરૂઆત એપલ સેટેલાઈટના લોન્ચથી થઈ હતી. ઈસરોના જીસેટ-૨૪ની સાથે આ રોકેટમાંથી એમઈએસેટનામનો સેટેલાઈટ પણ લોન્ચ કરવામાં આવ્યો છે. તેને એરબસ કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું હતું. તેનું વજન ૫૬૪૮ કિલો છે. આ બંને ઉપગ્રહો પૃથ્વીની ભૂસ્થિર કક્ષામાં ભ્રમણ કરશે. એરિયન-૫ ઈસીએ રોકેટ ૫૩ મીટર ઊંચું રોકેટ છે. તેનો વ્યાસ ૧૧.૫ મીટર છે. તેમાં ભારે ઉપગ્રહોને નિશ્ચિત ભ્રમણકક્ષામાં લઈ જવાની શક્તિ છે.

# હૈદરાબાદી હલીમ પછી લાખની બંગડીઓને પણ ઉચ્ચ ગુણવત્તા માટે GI ટેગ મળ્યો



હૈદરાબાદ, તા.૨૭

હૈદરાબાદી હલીમને ૨૦૧૦માં પહેલીવાર **GI** ટેગનો દરજ્જો મળ્યો હતો અને હવે લાડ બજાર વિસ્તારમાં પ્રખ્યાત એવી હાથથી બનાવેલી હૈદરાબાદ લાખની બંગડીઓને હવે ચેન્નાઈમાં **GI** રજિસ્ટ્રીમાં હસ્તકલા આઈટમ માટે **GI**નોંધણી થઈ છે માટે શહેરની યશકલગીમાં વધુ એક ઉમેરો થયો છે. ભૌગોલિક સૂચક (**GI**)એ એક એવો દરજ્જો અને પ્રમાણપત્ર છે જે એવા ઉત્પાદનો ઉપર લાગુ થાય છે જે વિશિષ્ટ ભૌગોલિક મૂળની સાથેના લક્ષણો અથવા પ્રતિષ્ઠા ધરાવે છે જે તેના મૂળ સ્થાન સાથે સંબંધિત હોય છે. હવે હૈદરાબાદ લાખ બંગડીઓ માટે **GI**એપ્લિકેશન ફાઈલ કરવામાં આવી છે અને સુભાજીતસાહા, જીઆઈ એજન્ટ અને રિઝોલ્યુટ ગ્રુપનો એક ભાગ, શ્રીમતી શ્રીહા રેડ્ડી, નોડલ ઓફિસર, ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગના જીઆઈ અને શ્રી સુદિન પોલ, વાણિજ્ય અને નિકાસ પ્રમોશન વિભાગના નાયબ નિયામક, તેલંગાણા સરકાર સાથે આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. કંપની તરફથી પ્રેસ નોટમાં જણાવ્યું હતું કે, લાખ બંગડીઓનો વારસો પેઢીઓ માટે ખૂબ જ જટિલ અને સારી રીતે ડિઝાઈન કરેલી લાખ બંગડીઓ બનાવવાની કળા સાથે ૫૦૦ વર્ષ જૂનો છે. હૈદરાબાદની લાખની બંગડીઓ દેશભરના દરેક પ્રવાસી અને કન્યા માટે ખરીદવી એક લહાવો હોય છે તેને ભઠ્ઠી ઉપર ઓગળવામાં આવે છે અને વર્તુળ બનાવવામાં આવે છે પછી સ્ફટિકો, માળા અથવા અરીસાઓથી શણગારવામાં આવે છે. આ બંગડીઓ તેના પેટર્નની જટિલતા માટે જાણીતી છે, કારીગરો તેને સ્ફટિકોમાંથી બનાવે છે તે નોંધપાત્ર છે અને આ પેલેટ અને ડિઝાઈન સમયાંતરે નવીનતમ થતી રહે છે. આ નોંધણી પછી વધુ પ્રીમિયમ ઉપર આ બંગડીઓ વેચવાનો અધિકાર આપીને **GI**નોંધણી કલા અને કારીગર સમુદાયને ખૂબ જ મદદ કરશે. **GI** ટેગ એ ઉત્પાદન માટેની ઉચ્ચ પ્રતિષ્ઠા અને ઉચ્ચ ગુણવત્તાને દર્શાવે છે અને તે ઉત્પાદકો તેમજ ખરીદદારોના હિતોનું રક્ષણ કરે છે. **GI** ગુણવત્તા સાથે બાંધછોડ ન કરવા માટે કારીગરોમાં જવાબદારી સાથે ગર્વની ભાવના વિકસિત કરવા અને તેમને વધુ સારી ડિઝાઈન બનાવવા પ્રોત્સાહિત કરવા અને નવવધૂઓ અને યુવતીઓ માટે નવા કલેક્શન અને બંગડીઓના બનાવવા માટે તેઓને પ્રોત્સાહિત કરશે. આ હસ્તકલાને વધુ પ્રખ્યાત કરવા અને ગ્રાહકો સાથે જોડાણ બનાવવા માટે એક અનન્ય લોગો ડિઝાઈન કરવામાં આવ્યો છે. વધુમાં અમે આશા રાખીએ છીએ કે **GI** નોંધણી ખરીદદારોમાં વધુ ઉત્સુકતા લાવશે અને કારીગરોને તેમની સખત મહેનતનું ઉચ્ચ વળતર આપશે અને બજારમાં બંગડીઓની માંગ અને વેચાણને વેગ આપશે. **GI** કારીગર સમુદાયના સશક્તિકરણને પણ મજબૂત કરશે અને તેઓ **IP** અધિકારની માલિકી માટે તેની ક્ષમતાનો લાભ ઊઠાવી શકશે.

# સેવા નિવૃત્ત સૈનિકો અગ્નિપથ યોજના અંગેની શંકાઓને સ્પષ્ટ કરે છે

નવી દિલ્હી, તા.૨૭

અગ્નિપથ યોજના અંગે વિવિધ શંકાઓને સ્પષ્ટ કરવા નિવૃત્ત સૈનિકો અને પોલીસ કર્મચારીઓ સાથે એક પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં એડીસીપી (ગૌતમ બુદ્ધ નગર) રણવિજય સિંહ અને નિવૃત્ત વેટરન્સ કર્નલ આર કે ભૂષણ, કર્નલ એસ કે બોહરા, કર્નલ શૈલેન્દ્ર સિંહ, કર્નલ આઈ પી સિંહ અને કર્નલ એસ કે શ્રીવાસ્તવ હાજર હતા. તેઓએ આ યોજનાથી અસંતુષ્ટ લોકો દ્વારા કેટલાક રાજ્યોમાં હિંસક વિરોધની પણ નિંદા કરી હતી. **ADC** સિંઘે કહ્યું, અગ્નિપથ યોજનાએ એક મહત્ત્વાકાંક્ષી જીવનની શરૂઆત છે, જે તેને દેશની સેવા કરવાની તક આપે છે. એક દિવસની સેવા પણ ભેટ છે અને આ યોજના ચાર વર્ષ પૂરી પાડે છે. કર્નલ શૈલેન્દ્ર સિંહે કહ્યું, લોકશાહીમાં વિરોધ ચોક્કસપણે તમારો અધિકાર છે. પરંતુ તે યોગ્ય રીતે થવું જોઈએ; જે લોકો રાષ્ટ્રને નુકસાન પહોંચાડે છે તેઓ ક્યારેય સશસ્ત્ર દળોનો ભાગ બની શકતા નથી. કર્નલ એસ કે બોહરાએ ઉમેર્યું, ''અમે રશિયા-યુક્રેન યુદ્ધથી જાણીએ છીએ કે આધુનિક યુદ્ધ હવે માનવશક્તિથી લાબું ખેંચાઈ શકે નહીં પરંતુ ટેક્નોલોજી તેના ઉપર ભારે પડી શકે. આ માટે આર્મીમાં યુવાન રક્તની જરૂર છે, જે નવી માનસિકતા લાવી શકે. કર્નલ બોહરાએ ફ્રાન્સ અને ઈઝરાયેલ જેવા આધુનિક સૈન્યનો ઉલ્લેખ કર્યો, જ્યાં નાની સેનાઓને ટેક્નોલોજી સાથે જોડવામાં આવી હતી. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે જેઓ ચાર વર્ષની મુદત પછી પસંદ કરવામાં આવ્યા નથી તેઓ અર્ધલશ્કરી દળો, **PSU** અને ખાનગી સાહસોમાં નોકરી કરી શકે છે. કર્નલ બોહરાએ એવા વિચારોને પણ ફગાવી દીધા હતા કે પ્રશિક્ષિત ભૂતપૂર્વ અગ્નિવીરોની કુશળતાનો દુરૂપયોગ થઈ શકે છે અને કહ્યું હતું કે,તે ચાર વર્ષોમાં સેવાનો જુસ્સો તેમને ખરાબ સંગતમાં જતા અટકાવશે. કર્નલ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ટૂંકા તાલીમ સમયગાળાનો અર્થ એ નથી કે નબળી ગુણવત્તાવાળી તાલીમ અને કહ્યું, ''ચીન સાથેના ૧૯૬૨ના યુદ્ધમાં, મૂળભૂત તાલીમનો સમયગાળો માત્ર ત્રણ મહિનાનો હતો. તે પછી પણ આપણને તાલીમ ન હોવાને કારણે અન્ય કારણોસર આંચકો લાગ્યો હતો. કર્નલ શૈલેન્દ્ર સિંહે એ પણ ધ્યાન દોર્યું હતું કે કારગિલ યુદ્ધની આસપાસ છ મહિનાનો તાલીમ સમયગાળો શરૂ કરવામાં આવ્યો હતો, જ્યારે એવી આશંકા હતી કે પરિસ્થિતિ વધી શકે છે. કર્નલ શૈલેન્દ્ર સિંહે ધ્યાન દોર્યું કે ''માત્ર નિવૃત્ત સૈનિકો પાસે જ્ઞાન નથી. સેવા આપતા કર્મચારીઓએ રેજિમેન્ટથી કોર્પ્સ સુધીના તમામ સ્તરે તેમનું યોગદાન પણ આપ્યું હશે.

# મે મહિનામાં ભારતની ક્રૂડની આયાત વાર્ષિક ધોરણે ૧૩.૪% વધી

નવી દિલ્હી તા.૨૭

ભારતની ક્રૂડ ઓઈલની આયાત આ મે મહિનામાં એક વર્ષ અગાઉની સરખામણીએ લગભગ ૧૩.૪% જેટલી વધી છે અને રિફાઈનર્સે વિશ્વના ત્રીજા-સૌથી મોટા તેલ ઉપભોક્તાની માંગમાં પુર્નઃ પ્રાપ્તિને પહોંચી વળવા માટે સસ્તા રશિયન સપ્લાયનો વધુ સ્ટોક કર્યો હતો. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર ક્રૂડ ઓઈલની આયાત વધીને ૧૯.૫૭ મિલિયન ટન થઈ ગઈ છે. જો કે, એપ્રિલથી ક્રૂડની આયાત લગભગ ૯.૧% જેટલી ઘટી છે. રશિયા મે મહિનામાં ભારતનું તેલનું બીજું સૌથી મોટું સપ્લાયર બની ગયું હતું, અને સઉદી અરેબિયા ત્રીજા સ્થાને આવી ગયું હતું પરંતુ રશિયા હજુ પણ ઈરાક કરતાં પાછળ છે. વેપાર સ્ત્રોતોના ડેટા દર્શાવે છે કે, રશિયન ક્રૂડની વધુ માત્રા મે મહિનામાં આવવાની શરૂ થઈ હતી. તેથી, મે અને જૂનમાં ક્રૂડની વધુ આયાત થઈ છે. ભારતીય રિફાઈનર્સ ચોક્કસપણે ડિસ્કાઉન્ટ સાથેના રશિયન બેરલ થકી વધુ નફો મેળવશે. ભારતનો ઈંધણ વપરાશ એક વર્ષ અગાઉના મે મહિના કરતાં ૨૩.૮% વધ્યો હતો, ૨૦૨૧માં પ્રમાણમાં ઓછી ખરીદી પણ હતી કારણ કે દેશમાં કોવિડ-૧૯ની બીજી તરંગ ચાલુ હતી. તેલ ઉત્પાદનની આયાત એક વર્ષ અગાઉની સરખામણીમાં ૧૫.૮% વધીને ૩.૨૩ મિલિયન ટન થઈ છે, જ્યારે નિકાસ લગભગ ૧% ઘટી છે. મે મહિનામાં ૫.૬૮ મિલિયન ટનની નિકાસમાં ડીઝલનો હિસ્સો ૩.૦૬ મિલિયન ટન હતો. ગેસોલિન અને ડીઝલની નિકાસ આ વર્ષે ઘટી છે, જે સ્પષ્ટ રીતે સ્થાનિક માંગમાં વધારો દર્શાવે છે. જારી કરાયેલા પ્રારંભિક ડેટા દર્શાવે છે કે, જૂનના પ્રથમ બે અઠવાડિયા દરમ્યાન ભારતની ગેસોઈલની માંગ ઝડપથી વધી હતી, અને પુરવઠાને લઈને ચિંતાઓ વધી હોવાથી અમુક પંપો ઉપર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ભારત પેટ્રોલિયમ કોર્પ લિમિટેડ (**BPCL**)એ તેની જાળવણી કરવા માટે ૧૦ જૂનથી પશ્ચિમ ભારતમાં તેની ૨૪૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ (**bpd**) મુંબઈ રિફાઈનરીમાં ક્રૂડ પ્રોસેસિંગ ક્ષમતાનો અડધો ભાગ બંધ કરી દીધો છે. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ભારત, એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, અને તેની પાસે સરપ્લસ રિફાઈનિંગ ક્ષમતા છે અને તે રિફાઈન્ડ ઈંધણની નિકાસ પણ કરે છે.

### વાયરસ ફક્ત પર્યાવરણીય નમૂનાથી અલગ કરવામાં આવ્યો છે : WHO

# લંડનમાં નવો પોલિયો વાયરસ મળ્યો, WHO એ કર્યા સાવધાન

**ઓરલ પોલિયો રસી (ઓપીવી) આંતરડામાં પ્રતિકૃતિઓ બનાવે છે અને ફેકલ-દૂષિત પાણી દ્વારા સરળતાથી અન્ય લોકોમાં સંક્રમણ ફેલાઈ શકે છે**

નવી દિલ્હી,તા.૨૭

લંડનમાં સીવેજના નમૂનાઓમાં પોલિયોવાયરસ હોવાનું જાણવા મળ્યું છે. બુધવારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અને બ્રિટિશ સ્વાસ્થ્ય અધિકારીઓએ આ અંગે જાણકારી આપતા કહ્યું કે, વેક્સીનથી પ્રાપ્ત એક પ્રકારનો પોલિયો વાયરસ મળી આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ મામલે હજુ તપાસ ચાલી રહી છે. યુકેમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, લગભગ બે દાયકા પહેલા યુકેમાંથી પોલિયોની બીમારી ખતમ થઈ ગઈ હતી. ત્યાર બાદ માનવીમાં પોલિયોનો એક પણ કેસ નોંધાયો નથી. **WHO**એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બ્રિટનની રાજધાની લંડનમાં સીવેજના નમૂનામાં "પોલિયોવાયરસ ટાઈપ -૨ મળી આવ્યો છે. ધ ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ અનુસાર, ડબ્લ્યુએચઓએ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે, "વાયરસ ફક્ત પર્યાવરણીય નમૂનાથી અલગ કરવામાં આવ્યો છે." વધુમાં કહેવામાં આવ્યું છે કે, "તાજેતરના ભૂતકાળમાં લકવાના કોઈ સંબંધિત કેસ મળી આવ્યા નથી." પોલિયોવાઈરસનો કોઈપણ પ્રકાર ગમે ત્યાં બાળકો માટે જોખમી સાબિત થઈ શકે છે." જણાવી દઈએ કે, હાલના વર્ષોમાં વૈશ્વિક સ્તર ઉપર પોલિયોને નાબૂદ કરવા માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ૧૯૮૮થી અત્યાર સુધીમાં પોલિયોના કેસમાં ૯૯ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ૧૨૫ દેશોમાં પોલિયો ફાટી નીકળ્યો હતો અને વિશ્વભરમાં ૩૫૦,૦૦૦ કેસ નોંધાયા હતા. પોલિયો વાયરસનો ખતરનાક વેરિએન્ટ હવે માત્ર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં જ હાજર છે. ૨૦૦૩માં યુકેને પોલિયો મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ અહીં કોઈ નવા કેસ સામે આવ્યા નથી. જોકે પોલિયો સહિત અન્ય ખતરનાક બીમારીઓ ઉપર લાંબા સમયથી નજર રાખવામાં આવી રહી છે. બ્રિટનની હેલ્થ પ્રોટેકશન એજન્સીએ આ જ ક્રમમાં ફેબ્રુઆરી અને મે મહિનામાં સુએજ વેસ્ટવોટરના સેમ્પલ લીધા હતા. તપાસ દરમ્યાન આ વાયરસ મળી આવ્યો છે. રિપોર્ટ અનુસાર, ઓરલ પોલિયો રસી (ઓપીવી) આંતરડામાં પ્રતિકૃતિઓ બનાવે છે અને ફેકલ-દૂષિત પાણી દ્વારા સરળતાથી અન્ય લોકોમાં સંક્રમણ ફેલાઈ શકે છે. આનો અર્થ એ છે કે, જે બાળકને રસી આપવામાં આવી છે તેને વાયરસથી કોઈ નુકસાન નહીં થાય. પરંતુ જ્યાં ગંદકી છે અને રસીકરણની સંખ્યા ઓછી છે ત્યાં તેની ખરાબ અસર જોવા મળી શકે છે. પોલિયો નાબૂદી નિષ્ણાંત કેથલીન ઓ'રેઈલીએ ચેતવણી આપી હતી કે, લંડનના ગટરના નમૂનાઓમાં મળી આવેલી શોધ સૂચવે છે કે "પોલિયોવાયરસનો સ્થાનિક ફેલાવો થઈ શકે છે, સંભવતઃ એવી વ્યક્તિઓમાં કે જેમને પોલિયો સામે રસી આપવામાં આવી નથી." "આ વાયરસના વધુ ફેલાવાને રોકવાનો સૌથી અસરકારક રસ્તો એ છે કે, નાના બાળકો માટેના રસીકરણના ઈતિહાસની તપાસ કરવી. ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે, લંડનમાં પોલિયો રસીકરણનું કવરેજ આશરે ૮૭ ટકા છે.

# સરકાર કરવા જઈ રહી છે આ બદલાવ નિવૃત્તિની વય અને પેન્શનની રકમમાં થઈ શકે છે વધારો

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકાર સરકારી કર્મચારીઓને જલ્દી જ કોઈ ગૂડ ન્યૂઝ આપી શકે છે. કર્મચારીઓની નિવૃત્તિની ઉંમર અને પેન્શનની રકમ વધારવા અંગે ચર્ચા વિચારણા કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતિ તરફથી આ રજૂઆત કરવામાં આવી છે. ભારતમાં કામ કરતા લોકોની વયમર્યાદામાં વૃદ્ધિ કરવા અંગે રજૂઆત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતિએ જણાવ્યું છે કે, દેશમાં નિવૃત્તિની ઉંમરમાં વૃદ્ધિ કરવાની સાથે-સાથે યુનિવર્સલ પેન્શન સિસ્ટમ પણ શરૂ કરવી જોઈએ. સમિતિના રિપોર્ટ અનુસાર આ સિસ્ટમ હેઠળ કર્મચારીઓને દર મહિને ઓછામાં ઓછું રૂા.૨૦૦૦ પેન્શન આપવું જોઈએ. આર્થિક સલાહકાર સમિતિએ ભારતમાં સિનિયર સિટીઝનની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટેની રજૂઆત કરી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કામ કરવાની ઉંમર વધારવી હોય તો સેવાનિવૃત્તિની ઉંમરમાં પણ વૃદ્ધિ કરવાની જરૂરિયાત છે. સામાજિક સુરક્ષા પ્રણાલી ઉપરના પ્રેશરને ઓછું કરવા માટે આ સિસ્ટમની શરૂઆત કરી શકાય છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૫૦ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ માટે પણ સ્કિલ ડેવલપમેન્ટ જરૂરી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકારે એવી નીતિઓ બનાવવી જોઈએ જેનાથી કૌશલ્ય વિકાસ પણ થઈ શકે. જેનાથી અસંગઠિત ક્ષેત્ર, અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકો, રેફ્યુજી, પ્રવાસીઓને પણ સામેલ કરવા જોઈએ. જે લોકો પાસે ટ્રેનિંગ મેળવવા માટે સાધન ના હોય તેમનો પણ ટ્રેન્ડ હોવો જરૂરી છે. વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૧૯ના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતમાં ૩૨ કરોડ લોકો સિનિયર સિટીઝન હશે. એટલે કે, દેશની વસ્તીમાંથી ૧૯.૫ ટકા લોકો સેવાનિવૃત્તાની કેટેગરીમાં સામેલ થઈ જશે. વર્ષ ૨૦૧૯માં ભારતની વસ્તીમાંથી ૧૦ ટકા લોકો એટલે કે, ૧૪ ટકા લોકો સિનિયર સિટીઝનની કેટેગરીમાં છે. કર્મચારીઓને સેવાનિવૃત્તિની વય અંગે અનેક મામલાઓ કોર્ટમાં પહોંચી રહ્યા છે. એક તરફ સેવાનિવૃત્ત થતાં પહેલા કર્મચારીઓ સતત સેવાનિવૃત્તિ વર્ષ વધારવા માટે કવાયત તેજ કરી રહ્યા છે. આવો જ એક મામલો બેંગ્લોર હાઈકોર્ટમાં પહોંચ્યો હતો તો બેંગ્લોર હાઈકોર્ટ આ અંગે નિર્ણય આપ્યો છે કે, સેવાનિવૃત્તિની વયમાં વૃદ્ધિ કરવાનો સંપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારનો છે.

# જૂનાગઢ એસટી ડિવીઝનનાં વિભાગીય નિયામક સામે પગલા કેમ ભરાતા નથી?

## એસટી કર્મચારી મંડળના પ્રમુખે ઉઠાવ્યા સવાલો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

એસટી કર્મચારી મંડળ જૂનાગઢ વિભાગના પ્રમુખ ગભરૂભાઈ લાલુની યાદી જણાવે છે કે, છેલ્લા ઘણા સમયથી એસટી જૂનાગઢ વિભાગના તમામ પરિણામો ખાડે ગયેલ છે અને એક સમયે પ્રથમ નંબરે આવતા જૂનાગઢ વિભાગનો ક્રમ આજે દરેક સારા પરિણામમાં છેલ્લે આવે છે ત્યારે હાલના વિભાગીય નિયામક હેડકવાર્ટરમાં હાજર રહી કામદારોના પ્રશ્નો અને વિભાગના હિતમાં કામ કરે તેવી ફરીયાદો અમારા સંગઠન દ્વારા નિગમના ઉચ્ચ અધિકારીઓને કરેલ છે ત્યારે અમારા દ્વારા કરાયેલ તમામ ફરીયાદો સો ટકા સાચી હોય અને પરિણામો વહીવટના રેકર્ડ ઉપર હોય ત્યારે આ માટે યોગ્ય કાર્યવાહી કરવાને બદલે વિભાગીય નિયામક દ્વારા રજુઆત કરવા આવનાર યુનિયનનાં આગેવાનો ઉપર ખોટું દબાણ લાવવાની પેરવી કરેલ છે અને યુનિયનનાં આગેવાનો ઉપર સતત વોચ રાખી તેમને માનસિક દબાણ લાવવાનો પ્રયાસ કરી રહયા છે ત્યારે કર્મચારી મંડળના પ્રમુખ દ્વારા કર્મચારી મહામંડળ અમદાવાદના યુનિયનના મુખ્ય હોદેદારોને ફરી એક ફરીયાદ કરી સ્થાનિક વિભાગીય નિયામક લાજવાને બદલે ગાજતા હોય તેવી રજુઆત કરેલ છે. ગભરૂભાઈ લાલુ દ્વારા જણાવેલ છે કે, હાલના વિભાગીય નિયામક અમદાવાદના મુખ્ય અધિકારીઓનો કહે છે કે, સંગઠનના આગેવાનોને 'દુઃખે છે પેટ અને કૂટે છે માથું...' એટલે ખોટી ફરીયાદો કરે છે પરંતુ સંગઠન દ્વારા કરાયેલ રજુઆતોની જો અમદાવાદથી તપાસ કરવામાં આવે તો તમામ સત્ય હકીકત બહાર આવે તેમ છે. કેમ કે ખોટા કાગળ ઉપર જવાબો કરતા વિભાગીય નિયામકની સ્થાનિક અખબારોએ પોલ ખોલી નાખી છે અને જે ફરીયાદો યુનિયન દ્વારા થયેલ છે તે અમદાવાદથી વિભાગના પરિણામો જાહેર થયેલ છે તે મુજબ કરેલ છે. આથી આ મુજબ જોવામાં આવે તો બધી ફરીયાદો સાચી સાબિત થાય તેમ છે. આથી વિભાગીય નિયામક નબળા પરિણામો માટે જૂનાગઢ વિભાગના બધા અધિકારીઓને જવાબદાર ગણતા હોય તેમ અન્ય પાસેથી અહેવાલો માંગે છે. હકીકતમાં વિભાગના અન્ય તમામ અધિકારી પરિણામો મેળવવા ખુબ મહેનત કરી રહયા છે. ત્યારે મુખ્ય અધિકારીની પણ અણઆવડતને કારણે જ વિભાગ ખોટના ખાડામાં જાય છે તેવી ફરીયાદ ગભરૂભાઈ દ્વારા કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, હાલમાં જ જૂનાગઢ વિભાગના વિભાગીય નિયામક હેડકવાર્ટર મુકી અમદાવાદ પોતાના ઘરે જતા રહેતા હોય એવી ફરીયાદ અને અખબારમાં અહેવાલ પ્રસિધ્ધ થયા પછી પણ તા.૨૪-૬-૨૨ ના રોજ શુક્રવારે બપોરે ફરી તેઓ હેડકવાર્ટર મુકી જતા રહેલ છે. આમ તેઓ ગમે તે ફરીયાદ થાય તો પણ શુક્રવારે ફરજીયાત ઘરે જતા રહે છે અને સોમવારે બપોર બાદ જ આવે છે એ નકકી છે. બીજી બાજુ કામદારોમાં ચાલતી ચર્ચા મુજબ હાલના ડીસી તેમની ફરીયાદો થાય એવું જ ઈચ્છી રહયા છે. કેમ કે જો તેમની ફરીયાદો થશે અને પ્રશ્નો ઉભા થશે તો જ તેમની બદલી વતનમાં થશે તેવું તેઓ વિચારી રહયા છે. ત્યારે જાણી જોઈને તેઓ ખોટા વિવાદો કરી રહયા છે તેવી ચર્ચા સમગ્ર વિભાગમાં થઈ રહી છે. ત્યારે નિગમના ઉચ્ચ અધિકારીઓ આ બાબતે શું નિર્ણય કરશે? તે બાબતની ચર્ચાએ જોર પકડયું છે.





- ભારતીય સેનાની ત્રણેય પાંખ ભૂમિદળ (આર્મી), નૌકાદળ (નેવી) અને હવાઈદળ (એરફોર્સ)માં ભરતી થશે.
- ભારતીય સેનામાં ૪ વર્ષ આકર્ષક વળતર સાથે સેવાની તક.
- યોજનામાં જોડાનારને અગ્નિવીરનો ખાસ હોદ્દો મળશે.
- દર વર્ષે અંદાજે ૪૦,૦૦૦ અગ્નિવીરની ભરતી થશે.
- યુવાનોને લશ્કરી તાલીમનો લાભ મળશે. જેના વડે જીવન ઘડતર થશે.
- ૨૫% અગ્નિવીરોને લાયકાતના ધોરણે ૪ વર્ષ બાદ પણ સેવા-નોકરીની તક.



| વર્ષ | માસિક પગાર | માસિક ચુકવણી ૭૦% | કુલ વાર્ષિક રકમ | માસિક કપાત ૩૦% | ભારત સરકાર દ્વારા ફાળો |
|---|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૩૦,૦૦૦ | ૨૧,૦૦૦ | ૨.૫૨ લાખ | ૯,૦૦૦ | ૯,૦૦૦ |
| બીજુ વર્ષ | ૩૩,૦૦૦ | ૨૩,૧૦૦ | ૨.૭૭ લાખ | ૯,૯૦૦ | ૯,૯૦૦ |
| ત્રીજું વર્ષ | ૩૬,૫૦૦ | ૨૫,૫૫૦ | ૩.૦૬ લાખ | ૧૦,૯૫૦ | ૧૦,૯૫૦ |
| ચોથું વર્ષ | ૪૦,૦૦૦ | ૨૮,૦૦૦ | ૩.૩૬ લાખ | ૧૨,૦૦૦ | ૧૨,૦૦૦ |
| ૪ વર્ષના કુલ પગારની રકમ | | | ૧૧.૭૧ લાખ | | |
| ૪ વર્ષ બાદ સેવાનિધિ પેકેજની રકમ રૂા. ૧૧.૭૧ લાખ | | | | | |
| ચાર વર્ષ માટે મળતી કુલ રકમ રૂા. ૨૩.૪૨ લાખ | | | | | |

- ૪ વર્ષ - ૪૮ માસની સેવા પેટે કુલ વળતર ૧૧.૭૧ + ૧૧.૭૧ = ૨૩.૪૨ લાખ મળશે. જેની ગણતરી કરીએ તો ૨૩,૪૨,૦૦૦ ÷ ૪૮ કરતા **સરેરાશ માસિક વેતન ૪૮,૭૯૦/-** મળશે.
- ભારતીય સેનામાં ૪ વર્ષની સેવા બાદ લાયકાત મુજબ કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર/રેલ્વે/બેંક વિગેરેમાં નોકરી માટે અગ્રતા મળી શકે.
- સેનામાં ૪ વર્ષની સેવા બાદ સ્વરોજગાર ધંધા-ઉદ્યોગ માટે બેંક લોન મેળવવામાં સરળતા રહે.
- સેવાકાળના ૪ વર્ષ દરમ્યાન કેન્ટીન તથા મેડીકલની સુવિધા મળશે.

**ખાસ અગત્યની બાબત એ છે કે યુવાનોને રાષ્ટ્ર સેવા સાથે, આકર્ષક આર્થિક વળતર સાથે,**






- યુવાનોનું જીવન ઘડતર થશે.
- યુવાનોમાં શિસ્ત અને સમજણ વધશે.
- જીવનમાં સમયપાલનનો ગુણ વિકસશે.
- યુવાધન શારીરિક રીતે ખડતલ અને મજબુત બનશે.
- યુવાનોમાં આળસ દુર થશે અને પરિશ્રમ કરવાની ટેવ પડશે.
- યુવાનોના વ્યક્તિત્વનો વિકાસ થશે.
- સમુહમાં રહેવાની, સમુહમાં કામ કરવાની સંઘભાવના કેળવાશે.
- દેશ ભાવના-રાષ્ટ્ર પ્રેમ વિકસિત થશે. દેશ સેવાની તક મળશે.
- રાષ્ટ્ર -સમાજ પ્રત્યેની ફરજ ઉજાગર થશે.
- ચારિત્ર્યવાન યુવાનો તૈયાર થશે.
- લશ્કરી તાલીમ જીવન પર્યંત ઉપયોગી બનશે.
- રાષ્ટ્ર માટે સારા નાગરિકનું ઘડતર થશે.

**વય મર્યાદા**

તા. ૦૧/૧૦/૨૦૨૨ના દિવસે ૧૭ ½ થી ૨૧ વર્ષ (ચાલુ વર્ષે ૨ વર્ષની છૂટ હોવાથી ૨૩ વર્ષ એટલે કે તા. ૦૧/૧૦/૧૯૯૯ થી તા. ૩૧/૦૩/૨૦૦૫ની વચ્ચે જન્મ તારીખ હોવી જોઈએ.)

| પોસ્ટ | શૈક્ષણિક લાયકાત |
|---|---|
| અગ્નિવીર (જનરલ ડ્યુટી) (તમામ શસ્ત્રો) | ૪૫% માર્કસ સાથે ધોરણ ૧૦ પાસ |
| અગ્નિવીર (ટેકનીકલ) (તમામ આર્મ્સ) અને અગ્નિવીર (ટેકનીકલ) (ઉડ્ડયન અને દારૂગોળો પરીક્ષક) | ૧૦+૨ (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને અંગ્રેજી સાથેની પરીક્ષા એકંદરે ઓછામાં ઓછા ૫૦% અને દરેક વિષયમાં ૪૦% ગુણ સાથે |
| અગ્નિવીર કલાર્ક / સ્ટોર કીપર (ટેકનીકલ) (તમામ આર્મ્સ) | ૧૦+૨ (ધોરણ-૧૨) કોઈપણ સ્ટ્રીમ (આર્ટસ, કોમર્સ, સાયન્સ)માં એકંદરે ૬૦% માર્કસ સાથે અને દરેક વિષયમાં ઓછામાં ઓછા ૫૦% સાથે પરીક્ષા પાસ. ધોરણ ૧૨માં અંગ્રેજી અને ગણિત / એકાઉન્ટ્સ / બુકકીપિંગમાં ૫૦% મેળવવું ફરજિયાત છે. |
| અગ્નિવીર ટ્રેડ્સમેન (તમામ આર્મ્સ) ૧૦મું પાસ | ધોરણ ૧૦ પાસ |
| અગ્નિવીર ટ્રેડ્સમેન (તમામ આર્મ્સ) ૮મું પાસ | ધોરણ ૮ પાસ |

**ખાસ નોંધ : વધુ વિગત માટે જાહેરનામાની વિગત જોઈ જવી**

**પસંદગી પ્રક્રિયા**

ભારતીય આર્મી અગ્નિપથ સ્કીમ નોટિફિકેશનમાં દર્શાવ્યા મુજબ ઉમેદવારોને ચાર તબક્કામાં શોર્ટલિસ્ટ કરવામાં આવશે. પસંદગી માટે ભરતીની રેલીનું આયોજન કરવામાં આવશે. ઉમેદવારોએ દરેક તબક્કામાં હાજર રહેવું પડશે અને જરૂરી ધોરણો મુજબ લાયક ઠરવું પડશે.

- **સ્ટેજ ૧ : શારીરિક ફિટનેસ ટેસ્ટ :** ૧.૬કિમી દોડ, Beam (Pull-Ups), 9 feet Ditch, Zig-Zag Balance માર્કિંગ સિસ્ટમ માટે જાહેરનામું જોઈ લેવા વિનંતી.
- **સ્ટેજ ૨ : શારીરિક માપન કસોટી :** ઉંચાઈ, વજન, છાતી વિગેરેની શારીરિક માપન કસોટી થશે. સરકારશ્રીના જાહેરનામાની વિગત જોઈ લેવા વિનંતી.
- **સ્ટેજ ૩ : મેડિકલ ટેસ્ટ :** સરકારશ્રીના જાહેરનામાની વિગત અનુસાર મેડીકલ ટેસ્ટ થશે.

**નોંધ ૧ :** ઉપરના ત્રણ સ્ટેજ કલીયર કરનારની લેખિત કસોટી લેવાશે.

૨ : સર્વિસ મેનના પુત્ર, એક્સ સર્વિસ મેનના પુત્ર, એક્સ સર્વિસમેનની વિધવાના પુત્ર, NCC સર્ટીફિકેટ ધરાવનાર વિગેરેને જાહેરનામા મુજબ વિશેષ ગુણ મળી શકશે. (જાહેરનામાની વિગત જોઈ લેવા વિનંતી)

- **સ્ટેજ ૪ : લેખિત કસોટી :** દરેક પોસ્ટ માટે પરીક્ષા પેટર્ન નક્કી કરવામાં આવશે. જે મુજબ લેખિત કસોટી લેવાશે. સામાન્ય રીતે જનરલ નોલેજ, જનરલ સાયન્સ, જનરલ મેથ્સ, જનરલ ઈંગ્લીશ, કોમ્પ્યુટર જ્ઞાન, લોજીકલ રીઝનીંગ વિગેરેના પ્રશ્નો રહેશે.

**ઉપરોક્ત માહિતી માત્ર પ્રાથમિક સમજ માટે છે. વધુ માહિતી માટે સરકારશ્રીનું જાહેરનામું જોઈ લેવા વિનંતી.**

**અરજીપ્રક્રિયા**

- અરજી કરવા ભારતીય સેનાની ઓફિસિયલ વેબ સાઈટ https://joinindianarmy.nic.in ઉપર જવું.
- વેબ સાઈટ ઓપન કર્યા બાદ તેના પર રજીસ્ટ્રેશન કરીને યુઝર નેઈમ અને પાસવર્ડ સેટ કરવા.
- યુઝર નેઈમ અને પાસવર્ડનો ઉપયોગ કરીને અરજી ફોર્મમાં પર્સનલ ડીટેઈલ, એજ્યુકેશન ક્વોલિફિકેશન વિગેરે એડ કરવા.
- જરૂરી ડોક્યુમેન્ટ જરૂરી ફોરમેટમાં અપલોડ કરવા.
- જરૂરી સુચના મુજબ ફી ભરી ફ્યુચર રેફરન્સ માટે અરજી ફોર્મ ડાઉનલોડ કરવું.
- અરજી સબમિટ થયા પછી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવું
- જાણ કરવામાં આવે ત્યારે એડમિટ કાર્ડ તથા જરૂરી ડોક્યુમેન્ટ સાથે ભરતી રેલીમાં ઉપસ્થિત રહેવાનું રહેશે.


# નવજાત શિશુના પ્રજનન અંગેની તપાસ માતા-પિતાએ કરવી અત્યંત જરૂરી : ડો.નયન ટીંબાડીયા




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૭

તાજેતરમાં જ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે એક ૧૮ વર્ષીય યુવાનની **Undescended Testis** અનડીસેન્ડેડ શુક્રપીંડ) નામક દુર્લભ બીમારીની સારવાર લેપ્રોસ્કોપીક દ્વારા કરવામાં આવી હતી.

ડો.નયન ટીંબાડીયા **Undescended Testis** અનડીસેન્ડેડ શુક્રપીંડ નામક દુર્લભ અને જન્મજાત બીમારીની જાણકારી આપતા જણાવે છે કે આ બીમારીમાં શુક્રપીંડ તેના નોર્મલ જગ્યાએ એટલે કે વૃષણકોથળીમાં નથી હોતું અને પેટના નીચેના ભાગમાં અથવા તો પેટની અંદર હોય છે.જો શુક્રપીડને પહેલા વર્ષ સુધીમાં નોર્મલ વૃષણકોથળીમાં ઓપરેશનથી ન લાવવામાં આવે તો તેમાં શુક્રાણુ ઉત્પન થવાની શકયતા નહિવત થઈ જાય છે.ઘણી વખત તેમાં કેન્સર થવાની શકયતા હોય છે.

આ બીમારીમાં **Orchidopexy** (ઓર્કીડોપેક્ષી) નામની સર્જરી કરી શુક્રપીંડને નોર્મલ જગ્યાએ ફીકસ કરવામાં આવે છે. ડો.નયન ટીંબાડીયા વધુમાં જણાવે છે કે આ પ્રકારની બીમારીમાં સમય મર્યાદા ખુબ જ મહત્વની છે તેથી સમયસર બીમારીની જાણ થતા તુરંત તેની સારવાર કરાવવી જોઈએ. અફસોસની વાત એ છે કે મોટા ભાગના લોકોને કિશોર અવસ્થામાં જાણ થાય છે પરંતુ તેવા સમયે અંડકોષોને ઉલટાવાની પ્રક્રિયા કરવી એ મહદઅંશે અશકય અને નુકશાન સાબિત થઈ શકે છે.

# સુમિલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝનું ટ્રાયોન - ZFS લોન્ચ કરાયું

## ગાભમારાની ઈયળ અને અન્ય ક્રિટકોથી ડાંગરના પાકનો બચાવ સુનિશ્ચિત કરો, માટીના પોષક તત્વોનું સંતુલન જાળવી રાખવાની સાથે જ કિટકોથી બચવાનો સરળ ઉપાય

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭

સુમિલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના ડિરેકટર સુકેતુ દોશીએ ગુજરાતમાં પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન માહિતી આપતા જણાવ્યું હતું કે, ગાભમારાની ઈયળના કારણે ડાંગરના પાકમાં ૨૫ ટકાથી પણ વધારે નુકસાન થવાના સમાચાર છેલ્લા ઘણા વર્ષોથી જોવા મળે છે. આ ભયાનક પ્રકોપથી બચવા માટે સુમિલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝે અત્યાધુનિક સંશોધન કેન્દ્રમાં વિકસાવેલું ટ્રાયોન-ZFS ગાભમારાની ઈયળ અને અન્ય કિટકોના અસરકારક નિયંત્રણ માટે સર્વોત્તમ ક્ષમતા ધરાવતું કિટનાશક છે.

ટ્રાયોન-ZFS એ એક કિટનાશક અને પોષક તત્વોના મિશ્રણનું વોટર ડિસ્પર્સિબલ ગ્રેન્યુલ્સ (WDG) ફોર્મ્યુલેશનવાળુ ઉત્પાદન છે. ટ્રાયોન-ZFS પાણી અને માટીમાં સારી રીતે ભળી જવાની ક્ષમતા ધરાવતું હોવાથી માટીમાંથી પોષક તત્વો દ્વારા ડાંગરના છોડવાના સક્રિય વિકાસને સરળતાથી સંભવ બનાવે છે. ટ્રાયોન-ZFS એક ઉદ્ધ્ર ફોર્મ્યુલેશન આધારીત ઉત્પાદન હોવાના કારણે તેનો ઉપયોગ અત્યંત સરળ છે તેમાં ઉપલબ્ધ પોષક તત્વો (સલ્ફર ૭ ટકા + ઝિંક ઓકસાઈડ ૧૩ ટકા)ને લીધે પાકમાં મજબુત અને ઉત્પાદક અંકુર થવાની સાથે સાથે જ છોડના મુળનો વધુ સારો વિકાસ સંભવ બને છે. ટ્રાયોન-ZFS એક નવો કન્સેપ્ટ છે જેને અપનાવવાથી તમારા પાકની ગુણવત્તા અને ઉપજમાં વધારો થાય છે.

એકર દીઠ ચાર કિલોગ્રામ ટ્રાયોન-ZFSના છંટકાવથી ડાંગરના ધરૂના વાવેતરના ૧૫ થી ૨૦ દિવસમાં અને સીધી વાવણીના ૨૫ થી ૩૦ દિવસમાં ગાભમારાની ઈયળના નિયંત્રણની સાથે સાથે જ પાકની પ્રતિરોધક ક્ષમતામાં વધારો થાય છે. ગાભમારાની ઈયળ સામે સલામતી કવચ પુરૂ પાડવામાં આ સમય સૌથી પ્રભાવી છે. પ્રારંભિક ખેડાણ પોષણના દ્રષ્ટીકોણથી પણ પાક માટે મહત્વનો તબકકો છે. આથી ટ્રાયોન-ZFS બેજોડ મિશ્રણ છે જે દુનિયામાં અવ્વલ છે.

# મુશ્કેલીમાં આસામના લોકોની પડખે ઊભા રહી, રિલાયન્સ ફાઉન્ડેશને આસામ મુખ્યમંત્રી રાહતફંડમાં રૂા. ૨૫ કરોડનું યોગદાન આપ્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૭

છેલ્લા કેટલાક દિવસોથી ભયાનક પૂરનો સામનો કરી રહેલા આસામના લોકોને મદદ પહોંચાડવા માટે રિલાયન્સ ફાઉન્ડેશને શુક્રવારે મુખ્યમંત્રી રાહત ફંડમાં ૨૫ કરોડ રૂપિયાનું યોગદાન આપ્યું છે. આસામના મુખ્યમંત્રી ડો. હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા ઉપર આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, આ મુશ્કેલીના સમયમાં આસામના લોકોની પડખે રહેવા બદલ મુકેશ અંબાણી અને અનંત અંબાણીનો હું ખૂબ જ આભાર માનું છું. પૂરના કારણે ઊભી થયેલી મુશ્કેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટેના રાહત કાર્યોને વેગ મળશે.



લગભગ મહિનાથી કરવામાં આવેલા રાહત કાર્યો બાદ મુખ્યમંત્રી રાહતફંડમાં યોગદાન આપવામાં આવ્યું છે અને રિલાયન્સ ફાઉન્ડેશન રાજય સરકાર અને નાગરિક સમાજ સંગઠનો સાથે મળીને આસામમાં રાહત કાર્યોને સતત જારી રાખવામાં આવશે.

પૂરની પરિસ્થિતિનો ખ્યાલ આવતાંની સાથે જ ફિલ્ડ ઉપરની એક ટીમ સાથે રિલાયન્સ ફાઉન્ડેશને આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને રાષ્ટ્રીય આરોગ્ય મિશન, પશુપાલન અને પશુચિકિત્સા વિભાગ, જિલ્લા વહીવટીતંત્રો અને અન્ય નાગરિક સમાજ સંસ્થાઓ સાથે હાથ મિલાવ્યા હતા અને રાહત પૂરી પાડવા અને પૂરને કારણે થતી તકલીફને દૂર કરવા માટેનું પ્રયાસોને ઝડપી બનાવવામાં યોગદાન પૂરૂ પાડ્યું હતું.

કચર જિલ્લામાં રિલાયન્સ ફાઉન્ડેશન સિલચર, કાલૈન, બોરખોલા અને કટીગોરહ બ્લોકમાં તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવેલા રાહત કાર્યોમાં મદદ કરી રહ્યું છે. જ્યારે નાગાંવ જિલ્લાના કાઠિયાટોલી, રાહા, નાગાંવ સદર અને કામપુર બ્લોકમાં પણ રાહત કામગીરી કરવામાં આવી રહી છે.

મેડિકલ કેમ્પ યોજાઈ રહ્યા છે અને ઈમરજન્સી રાહત કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, રાજ્યમાં અઠવાડિયાના અવિરત વરસાદ પછી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં આવતાં કચર અને નાગાંવ જિલ્લાઓમાં સંખ્યાબંધ પશુધન શિબિરો પણ યોજવામાં આવી રહી છે. ૧ જૂનના રોજ શિબિરોની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૧,૯૦૦થી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે અને પૂરને કારણે ઊભા થતા વિવિધ સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવા માટે સારવાર આપવામાં આવી રહી છે. પશુધન કેમ્પમાં ૧૦,૪૦૦થી વધુ પ્રાણીઓની સારવાર કરવામાં આવી છે.

તબીબી શિબિરોની સાથે, રિલાયન્સ ફાઉન્ડેશન ઘરેલુ સ્તરે તાત્કાલિક રાહત પૂરી પાડવા માટે સૂકા રાશન અને સ્વચ્છતા જરૂરિયાતો પૂરી કરવા માટેની રાહત કીટનું વિતરણ કરી રહ્યું છે. આજદિન સુધીમાં ૫,૦૦૦ ઘરોને કીટ આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૧માં રિલાયન્સ ફાઉન્ડેશને આઠ આપત્તિઓ, મુખ્યત્વે ચક્રવાત અને પૂરથી પ્રભાવિત વિવિધ રાજ્યોમાં રાહત પ્રયાસોમાં યોગદાન આપ્યું હતું, જેમાં રાહતની સાથે-સાથે આપત્તિ પહેલા અને પછીના જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે અને તેમાં ગત વર્ષે ૧.૭ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

## 'હે! સૃષ્ટીના રચનાર'

હે! સૃષ્ટીના રચના તુજને વંદન વારંવાર
અજબ રચના કેવી કીધી! શોભાની નહિ પાર,
માનવ જીવન પશુ-પ્રાણીઓ એનો તું આધાર,
હે, જગતના પાલનહાર તુજને વંદન વારંવાર.!

સાગરને નદીયું તે બનાવી, ઉપર ગગન વિશાળ,
પર્વત ને ખીણો તે બનાવી, ભૂમિ બનાવી રસાળ,
હે, દુનિયાના સર્જનહાર, તુજને વંદન વારંવાર.!

ભાનુ, શશીને તરતા રાખ્યા, તારલા ટાંકયા અપાર,
નવ ગ્રહો ને નવ નવ ખંડો, સુરમ્ય શોભે બ્રહ્માંડ,
હે, જીવન તણા આધાર, તુજને વંદન વારંવાર.!

અવની તણી તે શોભા વધારી, હરીયાળી અપાર,
ઝાડ-પાન ને વૃક્ષ-વેલડાં, વનરાઈઓ નહિ પાર,
હે, કરૂણાના કરનાર, તુજને વંદન વારંવાર.!

મૃત્યુલોકનો હું પામર માનવ, પાપ કર્યુ મેં અપાર,
મા ધરાને ઉજજડ કીધી, વનરાઈનો કર્યો સંહાર,
હે, દયા તણા સાગર, તુજને વંદન વારંવાર.!

માફ કરજે ઓ દીનદયાળા, પસ્તાવાનો નહિ પાર,
હવેથી આવી ભુલ ના કરીશું, વૃક્ષો વાવીશું અપાર,
હે, દીન તણા દાતર, તુજને વંદન વારંવાર.!

વસુંધરા હરિયાળી બનાવું, એ શક્તિ તું દેનાર,
મા ભૌમનું જતન કરવું એવો છે દ્રઢ નિર્ધાર,
હે, 'સોમ'ના તારણહાર, તુજને વંદન વારંવાર.!

**–સોમ વાઘેલા, ગાંધીનગર**

# ડો. જગદીશ દવેએ જૂનાગઢ જીલ્લા જેલનું સુપરવીઝન કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જીલ્લા જેલમાં જેલ સુપરવીઝન ઓફીસર ડો. જગદીશ પી. દવે દ્વારા જેલમાં સુપરવીઝન કરવામાં આવેલ હતું. ચોમાસામાં સંભવિત રોગચાળા સામે તકેદારી રાખવા અને જરૂરી દવાઓનો પુરતો સ્ટોક રાખવા સુચના આપેલ હતી. અને કેદીઓને માસ્ક પહેરવા સુચના આપેલ હતી.

# જૂનાગઢ શહેરમાં ૨ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા, સાવચેતી જરૂરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શહેરમાં લાંબા સમય બાદ કોરોનાના ૨ પોઝિટીવ કેસ નોંધાતા તંત્રએ સાવચેતીનાં સુર વ્યકત કર્યા છે.

મળતી વિગત મુજબ જૂનાગઢ શહેર અને જિલ્લો લાંબા સમયથી કોરોના મુક્ત રહ્યો હતો. જોકે, ૨૬ જૂનના ૨ કોરોના પોઝિટીવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગમાં પણ દોડધામ મચી જવા પામી છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ચેતન મહેતાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં છેલ્લે ૧૮ ફેબ્રુઆરીના કેસ નોંધાયો હતો. ત્યાર બાદ કોરોનાનો એકપણ કેસ નોંધાયો ન હતો. જોકે, લાંબા સમય બાદ ૨૬ જૂન ૨૦૨૨ના કોરોના રિટર્ન થયો છે. આમ, જૂનાગઢ શહેરમાં કોરોના પોઝિટીવ ૨ કેસ નોંધાયા છે. દરમ્યાન આ અંગે સિવીલ સુપ્રિટેન્ડેન્ટ ડો. સુશીલ કુમારને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, હજુ અમારી પાસે કોઈ કોરોના પોઝિટીવ દર્દી દાખલ થયા નથી. બાદમાં મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. શૈલેષ ચુડાસમાને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, બંને કોરોના પોઝિટીવ કેસ ફિમેલના છે. આમાં એક મહિલા છે જેણે કોરોનાના બંને ડોઝ લીધા હતા. જ્યારે બીજા કેસમાં એક બાળકી છે. બંને કેસ જોષીપરાના ઓધડનગરના છે. બંનેની કોઈ ટ્રાવેલ્સ હિસ્ટ્રી નથી લોકલ જ છે. હાલ બંનેને હોમ આઈસોલેશન કરાયા છે.

આમ, જૂનાગઢ શહેરમાં ફરી કોરોના મહામારીએ દેખા દેતા લોકોએ સાવધાની રાખવાની તાતી જરૂરિયાત છે.

# જૂનાગઢમાં એક યુવકનાં ત્રાસથી પીડિત મહિલાને પોલીસ મદદરૂપ બની

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ રેન્જના આઈજીપી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવેલ She Team દ્વારા મહિલાઓને મદદ કરી, સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપ પડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના મધુરમ સોસાયટી વિસ્તારમાં રહેતા અને શિક્ષક તરીકે નોકરી કરતી મહિલા વિણાબેન(નામ બદલાવેલ છે), પોતાના ભવિષ્યના પતિ અને સગાઈ થયેલ યુવક સાથે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને મળી, પોતે શિક્ષિકા તરીકે નોકરી કરતી હોય, પોતાને એક હીરા ઘસતો બીજી જ્ઞાતિના યુવક સાથે ભૂતકાળમાં પ્રેમ સંબંધ હોય, પરંતુ હાલમાં પોતાની સગાઈ સાથે આવેલ યુવક સાથે થયેલ હોય, યુવતી દ્વારા હવે સંબંધ રાખવા ના પાડતા, પરાણે વાત કરવા મજબૂર હોય, અવાર નવાર પોતે બહાર જતી વખતે રસ્તો રોકી, જબરજસ્તી કરવાં લાગે છે અને યુવક પરણિત હોય, બે છોકરાનો બાપ હોય, બળજબરી કરી, ભૂતકાળમાં રાખેલ સંબંધ વખતના મોબાઈલમાં ફોટો વિડિયો વાયરલ કરી, સમાજમાં બદનામ કરવાની તથા છરીઓ મારી ઈજા કરવાની તેમજ સગાઈ કરેલ યુવકને પણ માર મારવાની સતત ધમકી આપતા હોય, પોતાની સમાજમાં આબરૂ જવાનો ભય લાગતા, ગળગળા થઈને સગાઈ કરેલ યુવક સાથે રજૂઆત કરવામાં આવેલ હતી. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.જે.ગઢવી, સ્ટાફના હે.કો. નાથાભાઈ, ઈન્દ્રસિહ, કરણસિંહ પો.કો. આઝાદસિંહ, કૈલાશભાઈ તેમજ She Teamના મહિલા એએસઆઈ લીલાવતીબેન, પો.કો. શીતલબેન, અલ્પાબેન, મનીષાબેન, ભાવિકભાઈ સહિતની ટીમ દ્વારા અરજદારની રજુઆત આધારે સામાવાળાને શોધી કાઢી, ધમધમાવી, મોબાઈલ ચેક કરી, ગુન્હો નોંધવા કાર્યવાહી કરવા પોલીસની ભાષામાં સમજાવતા, સામાવાળા યુવક અને તેના સંબંધીઓ મોબાઈલમાંથી વાંધાજનક ફોટા મોબાઈલ ફોર્મેટ મારી, કઢાવી દીધા હતા. ઉપરાંત, હવે પછી કોઈ દિવસ આ બાબતે તેને નહીં બોલાવવા કે હેરાન નહિ કરવા ખાતરી આપતા, દીકરી તથા સગાઈ થયેલ યુવક દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, અરજદારને હવે પછી તકેદારી તથા સાવચેતી રાખવા વિનંતી પણ કરવામાં આવેલ હતી. અરજદારને પોલીસનો આવો અનોખો અનુભવ અને પોતાના જિંદગીના દુઃખના સમયે મદદ મળતા, ખૂબ જ આનંદિત થઈ, અરજદાર દ્વારા આનંદ વ્યક્ત કરી, રૂબરૂ મળી, જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાની જિંદગી બગડી જાત, એવી લાગણી વ્યક્ત કરી, કામ કરનાર જૂનાગઢ પોલીસ She Team સ્ટાફનો વારંવાર આભાર વ્યક્ત કરતા હોય, સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ભાવવાહી દ્રશ્યો સર્જાયા હતા. જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ સી ડિવિઝન પોલીસની She Team દ્વારા અરજદાર પીડિત મહિલાને યુવકના ત્રાસમાંથી મુક્ત કરાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરીવાર સાર્થક કર્યું હતું.

# ઉપલા દાતારની જગ્યામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢમાં ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં આગામી ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જૂનાગઢ કોમી એકતાના પ્રતીક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં આગામી તારીખ ૧૩-૭-૨૨ના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવવા જગ્યાના મહંત શ્રી ભીમબાપુ દ્વારા સુંદર મજાનું આયોજન કરેલ છે. જેમાં તારીખ ૧૩-૭-૨૨ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે પટેલબાપુ અને વિઠ્ઠલબાપુની સમાધિનું પૂજન અને રાત્રીના સંતવાણીનો કાર્યક્રમ અને બપોરે મહાપ્રસાદનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં સેવકો અને ભાવિકજનોને પધારવા ભીમબાપુએ આમંત્રણ પાઠવેલ છે.

# જૂનાગઢ અને બિલખામાંથી વિદેશી દારૂ સાથે બેની અટક

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે રામદેપરા વિસ્તારમાંથી હરેશભાઈ જીવાભાઈ જાડેજાને વિદેશી દારૂની પાંચ બોટલ સાથે ઝડપી લીધો હતો. જયારે બિલખા પોલીસે નવાગામનાં કાચા રસ્તા ઉપરથી શૈલેષભાઈ રવજીભાઈ વાઘેલાને દારૂની એક બોટલ સાથે ઝડપી લઈ બાઈક સહિત કુલ રૂા. ૧૫,૪૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો.

# જૂનાગઢમાં વોટર રીચાર્જીંગ માટે ફાળવેલી રકમનો યોગ્ય ઉપયોગ કરવા મનપા કમિશ્નરને રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢનાં જાગૃત નાગરીક અશ્વીનભાઈ મણીયારે મનપાનાં કમિશ્નરને પત્ર પાઠવી રજુઆત કરી છે કે જૂનાગઢ શહેરમાં અસંખ્ય કુવાઓ આવેલ છે અને ઘણા મૃતપાય હાલતમાં છે અથવા તો બુરાઈ જવાની હાલતમાં છે તેને રિચાર્જ કરીને યોગ્ય કરવા તેમજ બિલ્ડરોને વોટર રીચાર્જ કરવા તેમજ જૂનાગઢ શહેરની ડંકીઓને રીચાર્જ કરવા, બોરને રીચાર્જ કરવા કોર્પોરેશન દ્વારા આયોજન કરવાથી પ્રજા માટે આર્શિવાદરૂપ બની રહેશે. અને પાણીનાં તળ ઉંચા આવતા ક્ષારનું પ્રમાણ પણ ઘટી જશે. તેથી કોર્પોરેટરો તથા તમામ સ્ટાફને જરૂર પડયે મોટીવેશન માટે એનજીઓની મદદ લઈ કોર્પોરેશને ફાળવેલી રકમનો ૧૦૦ ટકા ઉપયોગ થાય તેવી માંગણી કરી છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : બાજ ખેડાવાળ બ્રાહ્મણ સ્વ. શૈલેષભાઈ કનકરાય મહેતા (ઉ.વ. ૫૭) તે સ્વ. કનકરરાય દલપતરાય મહેતા તથા ગં.સ્વ. રમાબેન કનકરાયનાં પુત્ર, જીતુભાઈનાં મોટા ભાઈ, ચિ. કિંજલ મહેતાનાં પિતાનું તા. ૨૪-૬-૨૨નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭-૬-૨૨નાં રોજ સિધ્ધનાથ મહાદેવ મંદિર, ઝાંઝરડા રોડ ખાતે સાંજે ૪.૩૦ થી ૬ રાખેલ છે.

જૂનાગઢ : જૂનાગઢ બ્રહ્મ સમાજના યુવા અગ્રણી તથા નાનડીયાના વતની ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ સુમિતકુમાર દિનેશભાઈ વ્યાસ(ઉ.વ.૩૫) તા.૨૫-૬-૨૦૨૨ના રોજ કૈલાશવાસી થયેલ છે. તે દિનેશભાઈ અમૃતલાલ વ્યાસના પુત્ર તથા મહેશભાઈ, નિલેશભાઈનાં ભત્રીજા, અવનીબેન ચિંતનકુમાર પંડ્યાના ભાઈ તથા ધવલ, હેમિલના મોટા ભાઈ, કર્મના મામા તથા રમેશભાઈ અને ભરતભાઈ જોષી(જામનગર)ના ભાણેજ. સદગતનું બેસણું તા.૩૦-૬-૨૨ના રોજ સથવારા સમાજ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખેલ છે.

માંગરોળ : મૂળ પોરબંદરના રહીશ જીઈબીના નિવૃત કર્મચારી સરોજબેન જેમલભાઈ મકવાણા (ઉ.વ. ૭૯) તે પ્રદીપભાઈ મકવાણા માંગરોળ અને શોભનાબેન ગાંધીનગર, આશાબેન જામનગરના માતાનું તા. ૨૪ના રોજ અવસાન થયેલ છે. સદગતની ઉતરક્રિયા તા. ૪-૭-૨૨ને સોમવારે બજરંગવાડી માંગરોળ ખાતે રાખવામાં આવેલ છે.

# શંકાસ્પદ ચોરાઉ મોટરસાયકલ સાથે એક ઈસમને ઝડપી લેતી વેરાવળ સીટી પોલીસ



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૭

જૂનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. મનીન્દર પ્રતાપસિંહ પવાર તથા ગીર-સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વેરાવળ ડીવીજનના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક જી.બી.બાંભણીયાએ ઘરફોડ/ચોરી/લુંટ જેવા ગંભીર પ્રકારના વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા જીલ્લાના પોલીસ અધિકારીઓને સુચના આપેલ હોય, જે અન્વયે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ. ઈશરાણીની સુચના અન્વયે એ.એસ.આઈ. દેવદાનભાઈ માણંદભાઈ, પો. હેડ કોન્સ મયુરભાઈ મેપાભાઈ, સુનીલભાઈ માંડણભાઈ, પો.કોન્સ. પ્રદિપસીંહ વાલાભાઈ, પ્રવિણભાઈ હમીરભાઈ, વિ. પો.સ્ટાસફના માણસો વેરાવળ સીટી પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી/જુગાર ડ્રાઈવ સબબ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો. હેડ કોન્સ. મયુરભાઈ મેપાભાઈ, પો. કોન્સ. પ્રદિપસિંહ વાલાભાઈને મળેલ સંયુકત બાતમી આધારે વેરાવળ કોસ્ટ ગાર્ડની ઓફીસ પાસેથી આરોપી ઈમ્તીયાઝ અબ્દુલભાઈ જમાદાર રહે- વેરાવળ, ગરીબ નવાઝ કોલોની વાળો રજી.નં.- GJ-૧૧-P-૨૫૮૦ વાળી ખોટી નંબર પ્લેટ લગાડેલ ચોરાઉ મોટર સાયકલ ચલાવી નીકળતા મજકુરને સદરહુ મો.સા. બાબતે પુછપરછ કરતા અને મોટર સાયકલ જોતાં પાછળની બાજુ રજી.નં.-GJ-૧૧-P-૨૫૮૦ નંબર વાળી નંબર પ્લેટ લાગડેલ રીંગણી કલરની જુના જેવી હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. હોય જેના એન્જીન નંબર-૦૨E૧૮E૧૭૪૩૫ તથા ચેસીસ નંબર-૦૨E૨૦E૧૭૦૯ના હોય જે એન્જીન નંબર ઈગુજકોપમાં ઓનલાઈન ચેક કરાવતા સદરહુ મો.સા.ના રજી.નં. GJ-૧૧-Q-૮૧૭૯ ના જણાતા મજકુર પાસે તેના હવાલાના મોટર સાયકલના આર.ટી.ઓ.ને લગત કાગળો કે આધાર પુરાવા હોય તો રજુ કરવા જણાવતા પોતાની પાસે આ મોટર સાયકલના કોઈ આર.ટી.ઓ.ને લગત કાગળો કે આધાર પુરાવા નહી હોવાનું જણાવેલ હોય અને ફરતા-ફરતા જવાબો આપેલ હોય અને મો.સા. બાબતે કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હોય, જેથી મજકુર ઈસમએ ઉપરોકત મો.સા. ચોરી છુપીથી કે છેતરપીંડીથી મેળવેલ હોવાનું જણાતું હોય જેથી મજકુર ઈશમ પાસેથી મળી આવેલ મો.સા.ની કિ.રૂા.૧૫,૦૦૦/- ગણી સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ શકપડતી મિલ્કમત તરીકે કબ્જો કરી મજકુર ઈસમને સી.આર.પી.સી. કલમ-૪૧(૧)ડી મુજબની ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

# રાજયના યુવાઓને સરકારી સેવામાં જોડવા સરકાર પ્રતિબધ્ધ : રાજ્યમંત્રી બ્રિજેશ મેરજા

## રાજ્યમાં ફિમેલ હેલ્થ વર્કરની અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) સંવર્ગની ૫૦૦૩ જગ્યાઓ માટે પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શી રીતે સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૨૭

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે, રાજયના યુવાનોને સરકારી સેવામાં જોડવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજયમાં સરકારી સેવા માટેની પરીક્ષાઓ સંપૂર્ણ પારદર્શી રીતે યોજાય એ માટે સઘન આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રાજ્યમાં ફિમેલ હેલ્થ વર્કરની અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(પુરૂષ) સંવર્ગની પરીક્ષાઓ સફળતાપૂર્વક યોજાઈ હતી. પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાએ ઉમેર્યુ કે, યોજાયેલી ફીમેલ હેલ્થ વર્કરની કુલ ૩૧૩૭ જગ્યાઓ માટે કુલ ૨૦૯૪૧ ઊમેદવારોએ અરજી કરેલ હતી, જે પૈકી ૧૭૫૭૭ (૮૪%) ઉમેદવારોએ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી. સમગ્ર પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પારદર્શક વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવેલ છે. આ ઉમેદવારોની જવાબવહી(ઓ.એમ.આર.) શીટનું સ્કેનિંગ પૂર્ણ કરી દેવામાં આવેલ છે અને ઓ.એમ.આર. શીટ સંબંધિત ઉમેદવારો જોઈ શકે અને પ્રિન્ટ લઈ શકે તે રીતે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવેલ છે. જ્યારે, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર(પુરૂષ)ની ૧૮૬૬ જગ્યાઓ માટે કુલ ૪૬૧૮૦ ઉમેદવારોએ અરજી કરેલ હતી, જે પૈકી યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૪૦૯૬૦(૮૯%) ઉમેદવારોએ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા આપી હતી. રાજકોટ કેન્દ્ર ખાતે એક ઉમેદવાર મોબાઈલ સાથે પકડાયેલ છે, જેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવેલ છે. સમગ્ર પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પારદર્શક વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવેલ છે. ઉમેદવારોની જવાબવહી (ઓ.એમ.આર.) શીટનું સ્કેનિંગ ચાલી રહેલ છે, જે પૂર્ણ થયા બાદ તરત જ આ ઓ.એમ.આર. શીટ સંબંધિત ઉમેદવારો જોઈ શકે તે માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવશે.

# માણાવદરમાં મેઘકૃપા, વધુ ૩ ઈંચ વરસાદ





(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૭

માણાવદર પંથકમાં ગઈકાલે ૬ થી ૮ વચ્ચે અચાનક જ આવેલા ઝંઝાવતી વિજળી અને ફુંકાયેલા વાવાઝોડા પવન સાથે અનરાધાર વરસાદે પંથકને ધમરોળી નાંખ્યું હતું. માણાવદર શહેરમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો હતો.

આ વરસાદથી પાકને ફાયદો થયો છે. જોકે ઈલેકટ્રીક પોલ તેમજ વૃક્ષ ધરાશયી થવાનાં બનાવો બનેલ છે. તેમજ બુરી તથા નાંદરખીમાં સર્વિસ વાયરો વાવાઝોડાનાં કારણે તુટી જતાં પીજીવીસીએલની ટીમો કામે લાગી ગઈ છે.

# જંત્રાખડીનાં બનાવમાં દુઃખ એકલા પરિવારનું નથી સમગ્ર સમાજનું છે :





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

કોડીનારનાં જંત્રાવડી ગામે બાળકી ઉપર દુષ્કર્મ બાદ હત્યા કર્યાનો બનાવ બનેલ જેનાં ઘેરા પડઘા પડયા છે. તાજેતરમાં ઈન્દ્રભારતી બાપુએ તથા રાજયનાં મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ આ પરીવારની મુલાકાત લઈ આશ્વાસન આપેલ અને બાળકીને શ્રધ્ધાંજલી આપી હતી. પૂ. ઈન્દ્રભારતી બાપુએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવેલ કે આ બનાવનું દુઃખ એકલા પરિવારનું નથી સમગ્ર સમાજનું છે. અને આ આરોપીને ફાંસીની સજા થવી જોઈએ જેથી સમાજમાં દાખલારૂપ કિસ્સો બને. ફરી કોઈ દિકરી ઉપર આવા નરાધમો આવુ દુષ્કર્મ આચરતા વિચાર કરે. પરીવહન રાજયમંત્રી અરવિંદભાઈ રૈયાણીએ જણાવ્યું હતું કે આરોપીને કડક સજા થાય તે દિશામાં કાર્યવાહી થઈ રહી છે. આ કેસમાં પોલીસ દ્વારા સારી કામગીરી થઈ રહી છે. આરોપીને કડક સજા થાય તેવી ખાત્રી આપી હતી.

આ મુલાકાત દરમ્યાન પૂ. ઈન્દ્રભારતી બાપુ સાથે દુધરેજનાં કનીરામ બાપુ, મહામંડલેશ્વર જગજીવનદાસ બાપુ, મહાદેગીરી બાપુ સહીતનાં ઉપસ્થિત રહયા હતાં અને આ પરિવારને સાંત્વના આપી હતી.

# માંગરોળમાં કેશોદ ચોકડી પાસે ગૌવંશ ઉપર નિર્દય રીતે અસામાજિક તત્વો દ્વારા એસિડ એટેક કરાતા ગૌ પ્રેમીઓમાં રોષ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૭



જૂનાગઢના માંગરોળમાં કેશોદ ચોકડી વિસ્તારમાં ૪ ખુંટીયા(નંદી)ઓ ઉપર ખુબ જ નિર્દય રીતે કોઈએ એસિડ એટેક કરવામાં આવ્યો છે. ચાર મુંગા અબોલ જીવો ઉપર એસિડ દ્વારા એટેક કરાયા હોવાના બનાવથી પશુ પ્રેમીઓમાં રોષ ભભુકી ઉઠયો હતો. ચાર પશુઓ એસીડ એટેક કરવામાં આવ્યો છે જેમાંથી ૩ને ગૌશાળા દ્વારા અને પશુ દવાખાનામાં સારવાર આપવામાં આવી હતી. એક નંદીને વધુ સારવાર માટે કુકસવાડામાં ગૌ હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલવામાં આવેલ. જયારે આવું કૃત્ય કરનારા લોકો સામે કડક કાર્યવાહી થાય અને કડક સજા થાય તેવું પશુ પ્રેમીઓ દ્વારા માંગ કરી રહ્યા છે.

# મોરબી ખાતે સ્વ. રમેશ મહેતાને ગુજરાતી કલાકારો દ્વારા શ્રધ્ધાંજલી અપાઈ

## આ કાર્યક્રમમાં ગીતાબેન અગ્રાવતને એવોર્ડથી સન્માનીત કરાયા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

મોજીલા મોરબીના આંગણે તા.૨૨-૬-૨૨ના રોજ ગુજરાતી ફિલ્મ જગતના હાસ્ય કલાકાર ઓ..હો..ઓ..હો..થી જાણીતા સ્વ. રમેશ મહેતાને શ્રધ્ધાંજલી આપતો કાર્યક્રમ યોજાયો હતો. સાથે ગુજરાતી રંગમંચ સાથે સંકળાયેલા કલાકારોને તેમની કલાને બિરદાવીને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં કલાકારને ગુજરાતી ફિલ્મની મા એટલે ગીતાબેન અગ્રાવતને પણ એવોર્ડથી સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા હતા. ગીતાબેનની વાત કરીએ તો ગીતાબેન રામાનંદી સાધુ સમાજમાંથી આવે છે. તેમણે ગુજરાતી કલા નગરીમાં ઘણા સારા રોલ કરી અભિનય કલાને ચાર ચાંદ લગાવ્યા છે. સારો અભિનય કરી ઘરે-ઘરે લોક ચાહના મેળવી છે. આ પહેલા પણ ગીતાબેનને ગોલ્ડન એવોર્ડ સમારોહમાં બેસ્ટ અભિનેત્રીના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આવા અનેક એવોર્ડ મેળવી ગીતાબેનને રામાનંદી સાધુ સમાજનું ગૌરવ વધારે છે. ગીતાબેન અભિનયની સાથે સાથે જાહેર ક્ષેત્રે ઘણા સારા કાર્ય પણ કરે છે. પોતે નવ નીધિ દિવ્યાંગ ટ્રસ્ટ ચલાવે છે. પોતના જ પરીવારમાં જ બહેરા-મુંગાનો કડવો અનુભવ થતા ગીતાબેનના મનમાં હંમેશા એક વાત સતાવતી હતી કે, મારે સમાજ માટે કંઈક કરવું છે. મને જે તકલીફ પડી એ બીજાને ન પડવી જોઈએ તેવી પ્રેરણા લઈને આ દિવ્યાંગ ટ્રસ્ટ ઉભું કર્યું અને મહિલા દિનના દિવસે જરૂરીયાત મહિલાઓને પણ પ્રોત્સાહિત કરે છે. આવા ભગીરથ કાર્ય બિરદાવીને ગીતાબેનને બેસ્ટ મધરનો એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.

# માણાવદરમાં ખદબદતી ગટરોથી લોકો પરેશાન



(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૨૭

માણાવદર શહેરની અનેક ગટરો કાદવ કિચડથી ખદબદતી હોય તથા વરસાદી પાણીનાં ખાડા ભરાયેલા હોય ભયંકર ગંદકી, મચ્છરો, જીવજંતુઓનાં ઉપદ્રવથી ૩૫ હજારની જનતાનાં માથે રોગચાળાનો ફેલાવવાની શકયતા છે. આથી દવા છંટકાવ તથા પીવાનાં પાણીનું કલોરીશન કરવા લોકોમાંથી માંગણી ઉઠી છે.


## નામ બદલાવેલ

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **કૃષિક** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **કૃષિક રજનીકાંત ધોરડા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**કૃષિક રજનીકાંત ધોરડા**

૪૦૬ રોયલકિંગ એપા. નવરંગ પાર્ક,

ખલીલપુર રોડ, જોષીપરા, જૂનાગઢ


Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 166, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# સૌરાષ્ટ્રના દરિયા કિનારે વાવાઝોડું ત્રાટકે તેવી સંભાવના

## મુંબઈ પાસે બની રહેલું હવામાનનું દબાણ ગુજરાત તરફ આવતા વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭

મહારાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત થઈને સૌરાષ્ટ્ર તરફ દરિયામાં બનેલું લો પ્રેશર વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી કરતા વિન્ડી ડોટ કોમ મુજબ ગ્રાફિકલ ઈમેજમાં દર્શાવવામાં આવી રહ્યું છે કે મુંબઈ પાસે બની રહેલું હવામાનું દબાણ ગુજરાત તરફ આવતા વાવાઝોડામાં પરિવર્તિત થઈ શકે છે. જોકે, આ અંગે મહારાષ્ટ્ર કે ગુજરાતના હવામાન વિભાગ દ્વારા આ અંગે આગાહી કરવામાં આવી નથી. ખાનગી વેબસાઈટ દ્વારા જે હવામાનની આગાહી કરવામાં આવી રહી છે તેમાં હળવું વાવાઝોડું આકાર લીધા સૌરાષ્ટ્રના દરિયા કિનારે ત્રાટકશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જો વાવાઝોડું ગુજરાત તરફ આગળ વધશે તો આગામી સમયમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

વિન્ડી વેબસાઈટ મુંજબ હાલ મુંબઈના દરિયાથી દૂર સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગમાં હવામાનું દબાણ બની રહ્યું છે. આજે બપોર સુધીમાં હવાનું દબાણ વાવાઝોડામાં પરિવર્તિત થશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પછી તે આગળ વધતા આવતીકાલ ૨૮મી તારીખે બપોરે માંગરોળના દરિયાકાંઠે ટકરાશે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. જો આ ખાનગી વેબસાઈટની આગાહી પ્રમાણે હવામાન રહ્યું તો સૌરાષ્ટ્રના દક્ષિણ અને પશ્ચિમના દરિયામાં ભારે કરંટ જોવા મળશે. ખાનગી વેબસાઈટની આગાહી પ્રમાણે જો વાવાઝોડું ગુજરાતના દરિયા કિનારે ટકરાશે તો તેની અસર માંગરોળ સહિત વેરાવળ, કોડીનાર, પોરબંદર, ગડુ, કેશોદ સહિતના વિસ્તારમાં વર્તાઈ શકે છે.

રાજ્યના હવામાન વિભાગે વેબસાઈટ ઉપર રજૂ કરેલા આગાહી પ્રમાણે આજે થતા આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેમાં આજે નવસારી, વલસાડ, ડાંગ અને સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથ તથા દીવમાં ભારે વરસાદ થવાની આગાહી છે. આજે અને આવતીકાલ ૨૮ દરમ્યાન પણ સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જે પછી તા. ૨૯એ ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદ થવાની આગાહી છે. ભારે વરસાદ સાથે ૩૦-૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ વકી છે. અમદાવાદ, ગાંધીનગર, આણંદ, ખેડા સહિતના જિલ્લાઓમાં હળવો વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જે પ્રમાણેનો વરસાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં થયો છે તેવો વરસાદ હજુ ચાલુ સિઝન દરમ્યાન મધ્ય કે ઉત્તર ગુજરાતમાં જોવા મળ્યો નથી. વરસાદના થતા અને વાદળછાયું વાતાવરણ રહેવાથી લોકોએ ભારે બફારાનો સામનો કરવો પડી રહ્યો છે.

# ઈપીએફ-૯૫ આધારીત પેન્શન વેતન વધારો કરવાનો નિર્ણય નહીં લેવાય તો દેશભરનાં ૬૫ લાખ પેન્શનરો કરશે સામુહિક ચુંટણી બહિષ્કાર

## પેન્શનરોને પુરતુ વેતન ચુકવવાની માંગ સાથે ૩૦મી જુને ધરણા કરી વડાપ્રધાનને આવેદન પાઠવશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

દેશભરનાં ૬૫ લાખ જેટલા ઈપીએફ-૯૫ આધારીત પેન્શન યોજનામાં સામેલ પેન્શન ધારકોને વર્ષોથી નજીવી રકમનું પેન્શન મળે છે. વર્ષોથી મધુર સોશ્યલ ગૃપનાં સહયોગથી કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત ઈપીએફ પેન્શનર યુનિયન દ્વારા એસટી સહિતનાં નિગમો અને તમામ ઈપીએફ-૯૫ આધારીત પેન્શન સાથે જોડાયેલા ૬૫ લાખ કર્મચારીઓને પુરતું પેન્શન આપવાની સ્થાનિક તંત્રથી લઈ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સુધી રજુઆત કરવામાં આવી હતી. મથુરાનાં સાંસદ હેમા માલીનીનાં માધ્યમથી આ મુદે સરકારમાં રજુઆત કરી હતી. ત્યારે અનેક વખત સરકારે આ મુદો સૈધ્ધાંતિક રીતે સ્વીકારી પુરતુ પેન્શન આપવાની હિમાયત કરી હતી. પરંતુ ઈપીએફ-૯૫ અધિકારીઓ આ મુદે દુર્લક્ષ સેવતા હોય અત્યારે લાખો કર્મચારીઓ એક પછી એક વયનાં કારણે રામશરણ થતા રહે છે પરંતુ કોઈ નિર્ણય લેવાતો નથી. ત્યારે હવે વર્ષોથી હકક માટે ઝઝૂમી રહેલા પેન્શનરોની ધીરજ ખુટી ગઈ છે અને ૩૦મી જુને કચ્છ કાઠીયાવાડ ગુજરાતનાં નેજા હેઠળ ચિતાખાના ચોકમાં આવેલ જૂનાગઢ ભવિષ્ય નીધિ કચેરીએ સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ ધરણા અને ૧૧.૩૫ મીનીટે વડાપ્રધાનને અવાજ પહોંચાડવા કમિશ્નરને આવેદનપત્ર આપવામાં આવશે. આવેદનપત્રમાં એવો નિર્ધાર વ્યકત કરવામાં આવશે કે જો આગામી ચુંટણીનું જાહેરનામું અને આચારસંહિતા પૂર્વે સરકાર દ્વારા પેન્શનરોને પુરતુ પેન્શન આપવાનો નિર્ણય જાહેર નહી કરવામાં આવે તો દેશનાં તમામ ૬૫ લાખ પેન્શનરો અને તેમનો પુરો પરીવાર એટલે કે કરોડો મતદારો ચુંટણીનો બહિષ્કાર કરશે. કચ્છ કાઠીયાવાડ ગુજરાત ગૃપનાં પ્રમુખ સલીમ ગુજરાતી, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ દવે, રતિભાઈ ગરાળા, નાથાલાલ પરમાર, જીતેન્દ્રગીરી ગોસ્વામી, કાન્તીગીરી ગોસ્વામી, કરણ મય્યર, મંગુભાઈ ડાભી, હિતેશભાઈ કનેરીયા, ઉમેશભાઈ વ્યાસની આગેવાનીમાં આ યોજાનાર કાર્યક્રમમાં પેન્શનરોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# જૂનાગઢમાં ઉપલા દાતાર ખાતે દર્શનાર્થે રવિવારે ભાવિકોની ભીડ ઉમટી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૭ : કોમી એકતાનાં પ્રતિક એવા ઉપલા દાતારની જગ્યા ખાતે ગઈકાલે રવિવારનાં રોજ ખુશનુમાં વાતાવરણ અને વરસાદી માહોલ વચ્ચે ભાવિકો દાતાર બાપુનાં દર્શન માટે ઉમટી પડયા હતાં. અને બપોરનાં સમયે ઘુપદીપ, લોબાનનાં દર્શન પણ કર્યા હતાં. અને જગ્યાનાં મહંત પૂ. ભીમબાપુ દ્વારા દર્શને આવેલ ભાવિકો માટે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરેલ હતી. અને ભાવિકોએ દર્શન કરી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

# પરિણીતાને સગીર પુત્રી સાથે સાસરીયાએ તરછોડી દઈ ઘરમાંથી કાઢી મુકી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

હાલ માળીયા હાટીનાનાં કુકસવાડા ગામે રહેતા પુનમબેન સંદિપભાઈ થડેશ્વરે સુરતમાં રહેતા તેના પતિ સંદિપભાઈ કિશોરભાઈ થડેશ્વર, દિયર વિશાલભાઈ, પિયુષભાઈ અને સાસુ માલતીબેન વિરૂધ્ધ ચોરવાડ પોલીસ ફરીયાદ નોંધાવી છે કે, આ લોકોએ ઘરકામ બાબતે મેણા ટોણાં મારી તેમજ તેના પતિએ ઢીકાપાટુથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની ચઢામણી કરી શારીરિક તેમજ માનસીક દુઃખ ત્રાસ આપી ફરીયાદી પુનમબેનને તેની સગીર પુત્રી સાથે તરછોડી દઈ ઘરમાંથી કાઢી મુકી હોશીયારૂ જીવન જીવવા મજબુર કર્યા અંગે ફરીયાદ નોંધાવી છે. આ બનાવમાં પીએસઆઈ એસ.એન. ક્ષત્રીયએ આગળની તપાસ હાથ ધરી છે.

# પિતાએ સવારે વહેલા ઉઠવા અંગે ઠપકો આપતા પુત્રીએ જીવન ટુંકાવી લીધું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

વિસાવદરનાં ભલગામમાં અમોતની ઘટના બની હતી આ બનાવમાં પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ભલગામે રહેતી જીનલબેન (ઉ.વ.૨૧) તેના ઘરે હતી ત્યારે તેના પિતા ભરતભાઈ આંબાભાઈ કોટડીયાએ સવારે વહેલા ઉઠવા બાબતે ઠપકો આપતા તેને લાગી આવતા પોતાની મેળે ઘરમાં પડેલ સેલફોસનાં ટીકડા પી જતાં તેનું સારવાર દરમ્યાન મૃત્યું નિપજયું હતું. આ બનાવમાં પોલીસે ભરતભાઈનું નિવેદન નોંધી એએસઆઈ એ.એસ. ચોવટે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢમાં બે સ્થળેથી દેશી દારૂની ભઠ્ઠીઓ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે પંચેશ્વર આવળ માતાજીનાં મંદિર પાછળ રહેતા જગદીશ ઉર્ફે જગો સાજણભાઈ કોડીયાતરનાં રહેણાંક મકાનમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લઈ કુલ રૂા. ૨૦,૨૪૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે બી ડીવીઝન પોલીસે મુબારકબાગમાં રેડ કરી નરેશભાઈ રતિલાલ સોઢાનાં મકાનમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લઈ રૂા.૧૨,૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો. પ્રથમ રેડમાં આરોપી ઝડપાઈ ગયો હતો જયારે બીજી રેડમાં આરોપી હાજર મળી આવ્યો ન હતો. પોલીસે બંને વિરૂધ્ધ પ્રોહિબીશન હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જીલ્લાનાં ત્રણ બુટલેગરો પાસા હેઠળ જેલમાં ધકેલાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ જીલ્લામાંથી ત્રણ બુટલેગરોને પાસા હેઠળ જેલમાં મોકલી દેવાયા છે. વિસાવદર તાલુકાનાં નવી ચાંવડ ગામનાં બુટલેગર વનરાજ ઉર્ફે શિકારી રણુભાઈ ખુમાણ, માણાવદરનાં અકરમ અલ્લારખા પલેજા તથા સુલતાનાબાદ (ખાંભાલ)નાં બ્રીજેશભાઈ ઉર્ફે બાદલ ભરતભાઈ ધનજીભાઈ કણસાગરા વિરૂધ્ધ પાસાનાં વોરન્ટ ઈસ્યુ થતાં ક્રાઈમ બ્રાંચે ત્રણેયની અટક કરી વનરાજ ઉર્ફે શિકારી તથા અકરમ પલેજાને સેન્ટ્રલ જેલ વડોદરા તથા બ્રીજેશભાઈ કણસાગરાને સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે મોકલી આપેલ છે.


